Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ




પુ૦ ૩૦ મું.
ફાલ્ગુન.
અંક ૮ મો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૯
આત્મ સં. ૩૭
વિ.સં. ૧૯૮૯

મૂલ્ય રૂ. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

# વિષય-પરિચય.


૧ પુણ્ય જીવન. ... ... ... ...વિનયકાંત કાંતિલાલ મહેતા ૧૬૯
૨ શ્રી ભકતામરસ્તોત્રનો ગુજરાતી...
કાવ્યાનુવાદ. ... ... ... ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ ... ૧૭૧
૩ શ્રી તીર્થંકરચરિત્ર. ... ... ... મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. ૧૭૫
૪ છ લેશ્યાનું સ્વરૂપ.... ... ... મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ ૧૭૯
૫ અમારી પૂર્વદેશની યાત્રા. ... ...મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. ૧૮૨
૬ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. ... વિઠ્ઠલદાસ મૂ૦ શાહ ... ૧૮૭
૭ વર્ત્તમાન સમાચાર—શ્રી કદંબગિરિ પ્રતિષ્ઠા મહોત્સવ વગેરે. ... ૧૯૦
૮ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૧૯૪



## કલકત્તાવાળાના વિવિધ રંગોથી મનોહર ફોટાઓ.

| નામ. | કીંમત. | નામ. | કીંમત |
|---|---|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો. | ૦-૧૨-૦ | શ્રી જીનદત્તસૂરિજી ( દાદા સાહેબ ) | ૦-૬-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી. | ૦-૧૨-૦ | છ લેશ્યા. | ૦-૬-૦ |
| | | મધુબિંદુ. | ૦-૬-૦ |
| શ્રી કેસરિયાજી મહારાજ. | ૦-૮-૦ | શ્રી પાવાપુરીનું જલમંદિર. | ૦-૪-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ | **ચિત્રશાળા પ્રેસ પુનાવાળાના ફોટાઓ.** | |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ | શ્રી મહાવીરસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ | સમ્મેત્તશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે. | ૨-૮-૦ |
| શ્રી રાજગિરિ સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | જંબુદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| શ્રી પાવાપુરીજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | નવતત્ત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |
| શ્રી ગિરનારજી સિદ્ધક્ષેત્ર. | ૦-૬-૦ | | |

## નવાં તૈયાર થયેલ.

| | | | |
|---|---|---|---|
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ | શ્રી પાર્શ્વનાથજી. | ૦-૬-૦ |
| શ્રી પાવાપુરી જલમંદિર. | ૦-૮-૦ | શ્રી સમેત્તશિખરજી. | ૦-૮-૦ |

**લખોઃ—શ્રી જૈન આત્માનંદસભા—ભાવનગર.**



ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

बाह्यविषयव्यामोहमपहाय रत्नत्रयसर्वस्वभूते आत्मज्ञाने प्रयतितव्यम्, यदाहुर्बाह्या अपि—"आत्मा रे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य" इति । आत्मज्ञानं च नात्मनः कर्मभूतस्य पृथक् किञ्चित्, अपि त्वात्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव मृग्यते, नातोऽन्यदात्मज्ञानं नाम, एवं दर्शनचारित्रे अपि नात्मनो भिन्ने । एवं च चिद्रूपोऽयं ज्ञानाद्याख्याभिरभिधीयते । ननु विषयान्तरव्युदासेन किमित्यात्मज्ञानमेव मृग्यते ? विषयान्तरज्ञानमेवह्यज्ञानरूपं दुःखं छिन्द्यात् । नैवम्, सर्वविषयेभ्य आत्मन एव प्रधानत्वात्, तस्यैव कर्मनिबन्धनशरीरपरिग्रहे दुःखितत्वात्, कर्मक्षये च सिद्धस्वरूपत्वात् ॥

योगशास्त्र स्वोपज्ञविवरण–श्री हेमचन्द्रसूरि.

पुस्तक ३० } वीर सं. २४५९. फाल्गुन आत्म सं. ३७. { अंक ८ मो.

## પુષ્પ–જીવન.

વિશ્વમાં વિહરી એક કળી,
વહેતા સમયના ફરતા અંકે,
ઉઘાડી તેણે સહસ્ર પાંખડીયો,
પૂર્ણ શશીકલા સમ ફાલ્યું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફોરવી વન-વને સૌરભ — ફોરમ—
ગ્રહ્યું મધુમક્ષિકાઓએ મધુ
રસિકોને રસિકતા અર્પી
કીધાં ગીતનાં ગુંજન કવિહૃદયે—
પઠાવ્યા કંઈ કંઇ પાઠ માનવોને,
ઉદ્ભવી કલ્પના પરંપરા તત્વજ્ઞાનીમાં,
સાક્ષાતકાર થયો કુદરતની કલાકારને—
એ અકથ્ય અનુપમ કલાનો;
અને— અન્તે પ્રભુ પૂજન નિમિત્તે
આશ્રયદાતા લલિત લતાથી
પડયું વિખુટું સદાને માટે—
રેડ્યા બોધપાઠ સેવાના માનવહૈયે—
અર્પીને જીવન આખુંય પ્રભુચરણે.
વિભો ! જીવન એવું—ઉમદા આપ.

વિનયકાંત કાંતિલાલ મહેતા.
અમદાવાદ.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૐ ॥

# શ્રી માનતુંગાચાર્યપ્રણીત શ્રીભક્તામરસ્તોત્રનો

## ગુજરાતી કાવ્યાનુવાદ.

અનુવાદકર્તા—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ઠ ૧૪૯ થી શરૂ. )

### જિન જનની જેવી જનની ના

શતો માતાઓ તો પ્રસવતી સુતો જ્યાં શતગમો,
પ્રસવ્યો ના સૂનુ[1] અપર જનનીએ તમ સમો;
ધરે છે આકાશી સકલ દિશ તારાગણ ખરે !
દિશા માત્ર પ્રાચી[2] સ્ફુરત કરવાળો[3] રવિ ધરે. ૨૨

### મુનિઓ તને કેવો માને છે ?

મુનિઓ માને છે પર પુરૂષ હે, નાથ ! તુજને,
તથા ભાનુવર્ણી ++ અમલ પર[4] તિમિરથી ગણે;
તને સમ્યક્ પામી પ્રભુ ! જય કરે છે મરણનો,
નથી હે મુનીંદ્રા ! શિવપથ[5] બીજો શિવપદનો. ૨૩

અચિન્ત્યા નિઃસંખ્યા વ્યયવિહીન આદિ વિભુ અને,
અનંતા બ્રહ્મા ને ઇશ મદનકેતુ અમલ ને;
તથા યોગીઓના ઇશિવર અને યોગવિદ[6] ને,
બહુ એક જ્ઞાનસ્વરૂપ કથતા સંત તમને. ૨૪

૧. પુત્ર ૨. પૂર્વ. ૩. કિરણ. ૪. અજ્ઞાનરૂપ તમસ્થી—અંધકારથી પર થયેલા. ૫. કલ્યાણ માર્ગ. ૬. યોગને જાણનાર. ૭. દેવ. ૮. શાંતિ કરવાથી.

++ અજ્ઞાનરૂપ તમસ્થી—અંધકારથી પર થઇ જવાથી તને મુનિઓ નિર્મલ સૂર્ય-વર્ણી ગણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તું જ બુદ્ધ આદિ છે.**

પૂજે બુદ્ધિબોધો વિબુધગણ તેથી જ 'બુધ' *+ તું,
ત્રણે લોકો કેરા શમકરણથી 'શંકર' જ તું;
'વિધાતા' તું ધીર! શિવપથ વિધિ સ્થાપન થકી,
તુંહી વ્યક્ત હ્યાં છે ભગવન! 'પુરૂષોત્તમ' નકી. ૨૫

**તને નમન હો! નમન હો!**

ત્રણે લોકો કેરા દુઃખહર તમોને નમન હો!
વસુધાના[1] ચારૂ વિભૂષણ તમોને નમન હો!
અહો! ત્રિલોકોના પર ઇશ તમોને નમન હો!
ભવાબ્ધિ શોષે એ જિનવર! તમોને નમન હો! ૨૬

**ત્હારા ગુણોમાં દોષને અવકાશ નથી.**

નવાઈ શું અત્રે? સકલજ ગુણો જો મુનિપતિ!
રહ્યા તુંને આશ્રી પ્રભુ! નિરવકાશીત્વથી[2] અતિ;
થયા છે ગર્વી જે વિધવિધરૂપી આશ્રય થકી,
ન તું +* દષ્ટ સ્વપ્ને પણ કદીય તે દોષથી નકી. ૨૭

**અશોકવૃક્ષ પ્રાતિહાર્ય.**

અશોકદ્રુ આશ્રી કરે[1] પ્રસરતું જે જગપતિ!
વિરાજે છે એવું અમલ રૂપ ત્હારૂં અતિ અતિ;
અતિશે સ્ફુરંતા કિરણ યુત, તિમિરે[2] હરતો,
રવિ* જાણે રાજે જલધર[3] સમીપે વરતતો! ૨૮

---

*+ દેવો ત્હારા બુદ્ધિ–બોધને પૂજે છે, તેથી તું જ 'બુદ્ધ' છે; ત્રણે લોકોનું તું શમ્ (શાંતિ) કરે છે, તેથી તું જ 'શંકર' છે; મોક્ષમાર્ગની વિધિનો તું વિધાતા છે, તેથી તું જ 'વિધાતા–બ્રહ્મા' છે. આમ હે, ભગવાન્! તું જ સ્પષ્ટપણે 'પુરૂષોત્તમ (પુરૂષોમાં ઉત્તમ) છે.

૧. પૃથ્વી. ૨. અવકાશ રહિતપણેઃ જરા પણ અવકાશ વિના.

+* હે પ્રભુ! સકલ ગુણો જો નિરવકાશપણે તને આશ્રિત થઇને રહ્યા છે તો તેમાં શું આશ્ચર્ય છે? કારણ કે નાના પ્રકારના આશ્રયથી જેને ગર્વ ઉત્પન્ન થયો છે એવા દોષોથી તું સ્વપ્ને પણ કદિ જોવાયો નથી. તાત્પર્યાર્થ એ છે કે સકલ ગુણોએ પ્રભુનો એટલો બધો આશ્રય કર્યો છે કે જરા પણ અવકાશ રહેવા દીધો નથી, તો પછી દોષ કયાંથી સમાય? આમ પ્રભુ અનંતગુણમય છે એમ દર્શાવ્યું.

૧. કિરણ. ૨. અંધકાર. ૩. વાદળા. મેઘ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સિંહાસન પ્રાતિહાર્ય.

મણિ રશ્મિ[૪]ઓના સમૂહયુત સિંહાસન વિષે,
વપુ[૫] ત્હારૂં શોભે કનક સમ સુરમ્ય અતિશે;
રવિ જાણે ઉંચા + ઉદયગિરિના શિખર પરે,
વિરાજે !–આકાશે જસ કિરણની જાલ પ્રસરે. ૨૯

## ચામર પ્રાતિહાર્ય.

રૂડા કુન્દો[૬] જેવા ચલ ચમરથી ચારૂ દીસતું,
તનુ[૫] ત્હારૂં રાજે કનક સરખું કાંત દીપતું;
શશિ જેવા શુચિ[૭] ઝરણજલની ધાર ધરતું,
સુવર્ણી[૮] જાણે કે સુરગિરિ[૯]તણું શૃંગ[૧૦] ઠરતું ! ++ ૩૦

## છત્રત્રય પ્રાતિહાર્ય.

તમારા ત્રિ છત્રો શશિ સમ દીસે કાંત અતિશે,
રહી ઉંચે ઢાંકે રવિકર પ્રતાપો[૧૧] નભ વિષે;
અહો ! મૌક્તિકોના ગણથી જસ શોભા બહુ વધી,
ત્રણે લોકોનું જે પ્રભુપણું[૧૨] પ્રકાશે જિનપતિ ! ** ૩૧

---

૪. કિરણ. ૫. શરીર. ૬. મોગરાના ફુલ. ૭. પવિત્ર, નિર્મળ. ૮. સોનાનું. ૯. મેરૂપર્વત. ૧૦. શિખર.

* અશોક વૃક્ષ આશ્રે રહેલ પ્રભુના રૂપને અત્રે વાદળા સમીપે રહેલ સૂર્યબિંબ સાથે સરખાવ્યું છે. અશોક=મેઘ. પ્રભુનું રૂપ=સૂર્યબિમ્બ. આમ રહેલું સૂર્યબિંબ જેવું શોભે છે તેવું પ્રભુનું રૂપ શોભે છે.

+ રત્નોના કિરણોથી વિચિત્રરૂપ એવા સિંહાસનમાં ત્હારૂં સુવર્ણ જેવું સુંદર શરીર વિરાજે છે. તે આકાશમાં કિરણો પ્રસારતું, ઉદયાચલના શિખર પર રહેલું જાણે કે સૂર્યબિમ્બ હોયની ! રત્નકિરણો=સૂર્યકિરણો. સિંહાસન=ઉદયાચલ. પ્રભુ શરીર=સૂર્યબિંબ.

++ અત્રે મેરૂપર્વતના શિખર સમાન પ્રભુનું સુવર્ણવર્ણી શરીર કલ્પ્યું છે, અને ચંદ્ર જેવા નિર્મલ ઝરણજલ સમાન પ્રભુને વિંઝાતા ચામરો કલ્પ્યા છે.

૧૧. પ્રબળ તેજ, પ્રબળ તાપ.

૧૨. તમારા ત્રણ છત્રો ત્રણે લોકોના પરમેશ્વરપણાનું સૂચન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### સુવર્ણકમલની રચના.

વિકાશી સુવર્ણી નવ[13] કમલની કાંતિ ધરતું,
સ્ફુરંતા ચોપાસે નખકિરણથી રમ્ય દીસતું;
અહીં એવું ત્હારૂં પદયુગલ જ્યાં જ્યાં પદ ધરે,
પ્રભો ! ત્યાં પદ્મોની શુભ વિરચના વિબુધ[14] કરે. ૩૨

### ' આવી વિભૂતિ નહિ કો બીજાની '.

વિભૂતિ આવી જે સતધરમના દેશન સમે,
થઇ ત્હારી-તેવી નહિ અપરની કો પણ સમે;
પ્રભા હોયે જેવી-દિનકર[15] તણી તિમિર હરી[16],
કિહાંથી તેવી તે ગ્રહગણ વિકાશીનીય વળી ? ૩૩

### મહા ભયહર સ્તોત્રો.

### ' તુજ આશ્રિતને ગજનો ભય ના '.

ઝરંતા ઝુલંતા મદમલીન ગંડસ્થલ વિષે,
ભમંતા ભૃંગોના રવથી[17] વધતો ક્રોધ અતિશે;
[18]કરિ એવો ઐરાવત સમ મદોદ્ધુર મળતાં,
પ્રભો ! સામે ભાળી ભય ન તુજ આશ્રિત ધરતા. ૩૪

( ચાલુ )

---

૧૩. શ્લેષ ( દ્વિઅર્થી શબ્દ ) છે. નવ=નવ ( સંખ્યા ), અથવા નવીન. પ્રભુ જ્યાં જ્યાં પગ મૂકે છે ત્યાં દેવતાઓ નવ સુવર્ણકમલની રચના કરે છે.

૧૪. દેવ. ૧૫. સૂર્ય. ૧૬. અંધકારનો નાશ કરનારી. ૧૭. શબ્દ, ગુંજારવ. ૧૮. હાથી.

** આ સ્થળે બાકીના દેવદુંદુભિ આદિ પ્રાતિહાર્યોનું વર્ણન ખૂટે છે. તે સંબંધી શ્લોકો ગોપવવામાં આવ્યા છે એમ કહેવાય છે. દિગંબર સંપ્રદાયમાં અત્રે ' गम्भीरताररव-पूरितदिग्विभाग '—ઇત્યાદિ ચાર વિશેષ શ્લોકો માન્ય છે. તેનું ભાષાંતર આ સ્તોત્રના અંતે પરિશિષ્ટરૂપે આપવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ-
# શ્રીતીર્થંકરચરિત્ર.

## શ્રી જ્ઞાતાસૂત્ર.

( ગતાંક પૃષ્ઠ ૧૫૩ થી શરૂ. )

ત્યારે તે જિતશત્રુ વિગેરે છએ રાજાઓને વિદેહની શ્રેષ્ઠ રાજકન્યા મલ્લિકુમારી પાસેથી આ પરમાર્થ પામી વિચારી શુભ પરિણામવડે પ્રશસ્ત અધ્યવસાયોવડે વિશુદ્ધલેશ્યાવડે તેને રોકનાર કર્મોનો નાશ થતાં ઇહા અપાય સહિત યાવત....સંજ્ઞી **જાતિસ્મરણ** જ્ઞાન ઉત્પન્ન થયું જેથી ઉપરોક્ત કથનને સારી રીતે પામે છે.

ત્યારે **મલ્લિ તીર્થંકર** જિતશત્રુ વગેરે છએ રાજાઓને જાતિસ્મરણ જ્ઞાનવાળા જાણીને ગર્ભઘરના દરવાજા ઉઘડાવે છે. ત્યારબાદ તે જિતશત્રુ વગેરે જ્યાં **મલ્લિ અરિહંત** છે ત્યાં આવે છે તેથી તે મહાબલ વગેરે સાતે **બાલમિત્રો** એક સાથે એકઠા થયા.

ત્યાર બાદ મલ્લિ અરિહંત જિતશત્રુ વિગેરે છએ રાજાઓને આ પ્રમાણે કહે છે—હે દેવાનુપ્રિયો ! ખરેખર હું એ રીતે સંસારભયથી ઉદ્વિગ્ન છું યાવત્....દીક્ષા લઉં છું તો તમો શું કરો છો ? તમો એમજ રહેશો ? કે યાવત્.... તમારૂં હિત સામર્થ્ય પામશો ?

જિતશત્રુ વગેરે રાજાઓ મલ્લિ તીર્થંકરને આ પ્રમાણે કહે છે–હે દેવાનુપ્રિય ! યદિ તમો સંસાર ભયથી ઉદ્વિગ્ન, યાવત્.......દીક્ષા લ્યો છો તો પછી હે દેવાનુપ્રિય ! અમોને બીજું આલંબન આધાર કે પ્રતિબંધ કોણ છે ? વળી હે દેવાનુપ્રિય ! જેવી રીતે તમો આજથી ત્રીજા ભવમાં અમારા દરેક કાર્યમાં વડીલ જેવા યાવત્.......ધર્મધૂરા સ્વરૂપ હતા તેવી જ રીતે હે દેવાનુપ્રિય ! અહીં પણ યાવત્.......થાઓ. હે દેવાનુપ્રિય ! અમો પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન છીએ યાવત્........જન્મ–મૃત્યુથી ભયભીત છીએ એટલે દેવાનુપ્રિયની સાથે મુંડ બની યાવત્........દીક્ષા લઇશું.

ત્યારે મલ્લિ તીર્થંકર તે જિતશત્રુ વિગેરેને આ રીતે કહે છે—યદિ તમો સંસારભયથી ઉદ્વિગ્ન યાવત્.......મારી સાથે લેશો તો હે દેવાનુપ્રિયો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાઓ પોતપોતાના રાજ્યમાં મોટા પુત્રને ગાદીએ સ્થાપો, સ્થાપીને હજાર પુરૂષો ઉપાડે તેવી **શિબિકાઓમાં ચડીને** તેવા જ રૂપમાં મારી પાસે આવો.

ત્યારે તે જિતશત્રુ વિગેરે મલ્લિ તીર્થંકરના આ કથનને સાંભળે છે. ત્યારબાદ મલ્લિ અરિહંત જિતશત્રુ વિગેરેને સાથે લઇને જ્યાં કુંભરાજા છે ત્યાં આવે છે, આવીને કુંભરાજાના પગે પાડે છે ત્યારે કુંભરાજા તે જિતશત્રુ વિગેરે-નો ઘણાં અશન-પાન-ખાદિમ-સ્વાદિમ-પુલ-વસ્ત્ર-ગંધ-માલા અને વિભૂષણોથી સત્કાર કરે છે યાવત્........તેઓને પાછા મોકલાવે છે.

ત્યારબાદ તે જિતશત્રુ વિગેરે કુંભરાજાએ વિસર્જિત કરેલા જ્યાં જ્યાં પોતપોતાના રાજ્ય છે, જ્યાં જ્યાં પોતાના નગરો છે ત્યાં આવે છે, આવીને પોતાના રાજ્યો પામીને રહે છે.

ત્યારે મલ્લિ તીર્થંકર એક વર્ષ બાદ નીકળીશ ( દીક્ષા લઇશ ) એમ મનમાં ચિંતવે છે. ( સૂત્ર ૭૫ )

તે કાલે અને તે સમયે ઇંદ્રનું આસન ચાલવા માંડે છે ત્યારે શક્ર-દેવેંદ્ર દેવરાજ પોતના આસનને ચલાયમાન જુએ છે, જોઇને અવધિજ્ઞાન આપે છે. અવધિવડે મલ્લિનાથ અરિહંતને દેખે છે, દેખીને ઇંદ્રને આ પ્રમાણે સંકલ્પ યાવત્....ઉપન્યો.—એ રીતે ખરેખર જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મિથિલા નગરીમાં કુંભરાજની પુત્રી મલ્લિ અરિહંત "હું નીકળીશ" એમ મનમાં ચિંતવે છે તો **ભૂત**, વર્તમાન કે ભવિષ્યના શક્ર દેવેંદ્ર દેવરાજાનો **આચાર** છે કે— નિષ્ક્રમણને ઇચ્છનાર અરિહંત ભગવંતોને આ પ્રમાણે ધનસંગ્રહ દેવો. જેમકે- "ઇંદ્રો અરિહંતોને ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ ધન આપે છે." એ રીતે વિચારે છે. વિચારીને **વૈશ્રમણ** દેવોને બોલાવે છે, બોલાવીને કથે છે કે-હે દેવાનુપ્રિય! જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં યાવત્....૮૦ લાખ દેવા જોઇએ તો હે દેવાનુપ્રિય! તમે જાઓ, જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કુંભકરાજાના ઘરમાં આ પ્રમાણેની ધન-સંપદા એકઠી કરો. એ પ્રમાણે કરીને મારી આ આજ્ઞાને જલ્દી પાછી આપો.

ત્યારે તે વૈશ્રમણ દેવ શક્ર દેવેંદ્ર દેવરાજે આ પ્રમાણે કહ્યે થકે હર્ષિત બન્ને હાથો જોડીને યાવત્....સાંભળે છે. સાંભળીને જૃંભક દેવોને બોલાવે છે. બોલાવીને આ રીતે કહે છે-હે દેવાનુપ્રિયો! તમો જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મિથિલારાજધાનીમાં જાઓ, કુંભકરાજાના ઘરમાં ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ આ પ્રમાણની ધનસંપદાને એકઠી કરો-દાખલ કરો. તેમ કરીને મારી આ આજ્ઞા પાછી લાવો.

ત્યારબાદ તે **જૃંભકદેવો** વૈશ્રવણના (વચનો) યાવત્....સાંભળીને ઇશાન કોણમાં જાય છે. જઇને યાવત્....ઉત્તર વૈક્રિયરૂપો વિકુર્વે છે, વિકુર્વીને તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્કૃષ્ટ ( ગતિ ) વડે યાવત્.... ગમન કરતા જ્યાં જંબૂદ્વીપ છે, જ્યાં ભરતક્ષેત્ર છે, જ્યાં મિથિલારાજધાની છે, જ્યાં કુંભરાજાનો મહેલ છે ત્યાં આવે છે. આવીને કુંભકરાજાના ભુવનમાં ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ મેળવે છે. એકઠા કરીને જ્યાં વૈશ્રમણ દેવ છે ત્યાં આવે છે. આવીને બે હાથ જોડી યાવત્....( આજ્ઞા ) પાછી આપે છે.

ત્યારે તે વૈશ્રમણદેવ જ્યાં શક્ર-દેવેંદ્ર-દેવરાજ છે ત્યાં જાય છે, જઇને બે હાથ જોડી યાવત્...પાછી આપે છે.

ત્યારબાદ મલ્લિનાથ અરિહંત હમેશાં સવારે યાવત્....**મગધના પ્રાતઃકાલીન ભોજનકાળ** સુધી અનેક સનાથ, અનાથ, પથિક, ખોપીયા, કરોટીયા ( ખોપરીમાં ખાનારા ) અને કાર્પાટિકોને એક એક ક્રોડ અને પૂરા આઠ લાખ સોનું ( સોનામહોર ) આટલી ધનસંપદાનું દાન કરે છે*

( ઇંદ્રે આપેલ સોનામહોરમાંથી જે દાન અપાય છે તેની આ સંખ્યા છે. આ સિવાય કુંભરાજા દાનશાલાઓ વિગેરેમાં જે દાન આપે છે તેની ગણત્રી જૂદી કરવી—ટીકાકાર )

ત્યારે તે કુંભરાજા મિથિલા રાજધાનીમાં ત્યાં ત્યાં તે તે દેશોમાં ઘણી ભોજનશાળા ( મહાનસશાલા )ઓ સ્થાપે છે. જ્યાં ઘણા નોકર-ચાકર-મનુષ્યો ઘણા અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ તૈયાર કરે છે, તૈયાર કરીને જે આ પ્રકારના મનુષ્યો આવે છે જેમ કે-મુસાફર, ખેપિયા, કરોટિકો, કાર્પાટિકો, પાખંડીઓ કે ગૃહસ્થો. તેઓ તેઓને આશ્રમ, વિશ્રામ તથા સુખાસનપૂર્વક વિપુલ અશન વિગેરે દેતા પીરસતા રહે છે.

ત્યારે મિથિલાના શ્રૃંગાટક ( શીંગોડા જેવો ચોક) યાવત્....ઘણા માણસો અન્યોઅન્ય આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો ! ખરેખર એ રીતે કુંભરાજાના ભુવનમાં સર્વ કામગુણિત ઇચ્છાનુસાર વિપુલ અશન વિગેરે ઘણા **શ્રમણોને** યાવત્....પીરસે છે ( દે છે ) સુર, અસુર, દેવ, દાનવ, અને રાજાઓથી પૂજિત તીર્થંકરોના નિષ્ક્રમણમાં ઇચ્છિત માગો ઇચ્છિત માગો એમ ઘોષણાપૂર્વક ઇચ્છાનુસાર અનેકવિધ દાન દેવાય છે ૧.

ત્યારબાદ મલ્લિનાથ અરિહંત એક વર્ષ બાદ ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ આટલી અર્થસંપદા દઇને નીકળીશ ( દીક્ષા લઇશ ) એમ મનમાં ધારે છે. ( સૂત્ર ૭૬ )

* અનુકંપા દાનનો લોપ કરનાર તેરાપંથી-સ્થાનકમાર્ગીઓ આ પાઠ તરફ જરા ધ્યાન આપશે કે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેકાલે અને તે સમયે લૌકાંતિક દેવો બ્રહ્મલોકકલ્પમાં રિષ્ઠ નામના વિમાન પ્રસ્તરમાં પોતપોતાના વિમાનમાં પોતપોતાના શ્રેષ્ઠપ્રાસાદમાં દરેકેદરેક ચાર હજાર સામાનિક દેવો, ત્રણ પર્ષદા સાત સૈન્ય, સાત સેનાધિપતિઓ, સોળ હજાર આત્મરક્ષક દેવો, અન્ય અનેક લૌકાંતિક દેવોથી વિંટાએલા જોરથી કરાતા નાચ ગીત વાદ્યોના યાવત્....શબ્દવડે ભોગવતા રહે છે. તેના નામો આ પ્રમાણે છે. ૧ સારસ્વતો, ૨ આદિત્યો, ૩ વહ્નિ, ૪ વરૂણો, ૫ ગર્દતોયા, ૬ તુષિતો, ૭ અવ્યાબાધો, ૮ આગ્નેયો, અને ૯ રિષ્ટો (૧) ત્યારે તે લૌકાંતિક દેવોના પ્રત્યેક આસનો ચલાયમાન થાય છે તેજ રીતે યાવત્....દીક્ષા લેતા અરિહંતોને સંબોધન કરે છે ઇતિ. તો અમો પણ જઇએ અને મલ્લિઅરિહંતને સંબોધન કરીએ એમ કરીને વિચારે છે, વિચારીને ઇશાન કોણમાં વૈક્રિય સમુદ્ઘાત કરે છે. તેમ કરીને સંખ્યાતા યોજન એ રીતે જૃંભકના અધિકાર પ્રમાણે યાવત્.... જ્યાં મિથિલા રાજધાની છે, જ્યાં કુંભકરાજાનું ભુવન છે, જ્યાં મલ્લિઅરિહંત છે, ત્યાં આવે છે આવીને અંતરિક્ષમાં રહેલ ઘુઘરીવાળા યાવત્....શ્રેષ્ઠ વસ્ત્રો પહેરેલા બે હાથ જોડીને તે પ્રકારની ઇષ્ટ વાણીવડે આ પ્રમાણે કહે છે.

હે ભગવાન્ ! બુદ્ધબનો. હે લોકનાથ! ધર્મતીર્થ પ્રવર્તાવો, જે જીવોને હિત-સુખ અને મોક્ષ આપનાર થશે એવી રીતે બે વાર ત્રણવાર ઉપરોક્ત બોલે છે બોલીને મલ્લિનાથ અરિહંતને વાંદે છે–નમે છે, વાંદીને-નમીને જે દિશાએથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

ત્યારબાદ મલ્લિઅરિહંત તે લોકાંતિક દેવોએ સંબોધન કરાતા જ્યાં માતા-પિતા છે ત્યાં આવે છે, આવી બે હાથ જોડીને કહે છે હે માતાપિતા ! હું ઇચ્છું છું કે તમારી આજ્ઞા મળતા મુંડ થઇ યાવત.......પ્રવ્રજ્યા ગ્રહું.

હે દેવાનુપ્રિય ! યથાસુખ ( જેમ સુખ લાગે તેમ ) કરો. પ્રતિબંધ કરો નહી

ત્યારબાદ કુંભરાજા કૌટુંબિક પુરૂષોને બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહે છે—

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# છ લેશ્યાનું સ્વરૂપ.

( ગતાંક પૃષ્ઠ ૧૦૯ થી શરૂ )

( લે. સદ્દગુણાનુરાગી મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

"**લેશ્યા**"— રાજન્! લેશ્યાઓ છ છે, તેમાં કૃષ્ણા, નીલા અને કાપોતા નામની પ્રથમની ત્રણ છે તે મોહરાજાના સૈન્યને પોષણ આપનારી છે. આત્માના શુદ્ધસ્વભાવ આગળ પડદો નાખી તેને ઢાંકી દેવા પ્રયત્ન કરે છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ–આ ચાર પ્રકારે આત્મા ઉપર કર્મનું બંધન થાય છે, તેમાં પ્રદેશ બંધનરૂપે આ બાઇઓ આત્માને બાંધવા માટે નિત્ય પ્રયત્ન કરી રહેલી છે. આત્મા સ્ફટિક રત્નની માફક સ્વભાવે નિર્મળ છે, છતાં સ્ફટિક જેમ બીજા લાલ, પીળા, કાળાદિ પદાર્થોના સંબંધમાં આવતાં, તે પદાર્થોની પ્રભા સ્ફટિકપર પડતા, નિર્મળ છતાં લાલ, પીળા, કાળારૂપે સ્ફટિક બહાર દેખાવ આપે છે તેમ નિર્મળ આત્માની પાસે, મનનાં, વચનનાં અને શરીરનાં સક્રિય શુભાશુભ પ્રવૃત્તિવાળા, તથા પૂર્વના અનુભવોની સ્મૃતિવાળાં પુદ્દગલ દ્રવ્યો આવવાથી, સ્ફટિકની માફક આત્મામાં એક જાતનું પરિણામ ઉત્પન્ન થાય છે, જે પરિણામોવડે આત્મા કર્મની સાથે જોડાય છે, તે પરિણામ એ જ લેશ્યાનું સ્વરૂપ છે.

આ પરિણામો આત્માને વિવિધ રંગો–વિવિધ સ્વરૂપો ધારણ કરાવે છે. પ્રથમની કૃષ્ણલેશ્યાનો રંગ કાળો મેઘ કે અંજન સરખો છે. આવાં દ્રવ્યોની સમીપતાથી આત્મા પોતાના સ્વરૂપમાં રૌદ્રધ્યાનનાં પરિણામો ઉત્પન્ન કરે છે. લોકો તેને લઇને રૌદ્રધ્યાની, નરકે જવાની તૈયારી કરનારા મહાપાપી, ક્રૂરકર્મી ઇત્યાદિ નામોથી ઓળખે છે. આ કૃષ્ણાનો રસ લીંબડાના રસથી પણ વધારે કડવો છે તેનો ગંધ સડી ગયેલાં મડદાંઓથી પણ વિશેષ દુર્ગંધતાવાળો છે. તેનો સ્પર્શ અતિ ઠંડો અને લુખો છે. ૧

બીજી નીલલેશ્યા રંગે મોરની ડોકના રંગ જેવી છે. સ્વાદમાં મરચાં કે પીંપરના જેવી તીખી છે. ગંધમાં પ્રથમના કરતાં ઓછી દુર્ગંધતાવાળી છે અને સ્પર્શમાં, ઠંડા અને રૂક્ષ સ્પર્શની છે. ૨

ત્રીજી કાપોતલેશ્યા રંગે પારેવાના જેવા ધુંસરા–મલીન રંગવાળી છે. તેનો સ્વાદ કાચા આમળાની માફક તુરાશવાળો છે, ગંધ બીજી કરતાં ઓછી દુર્ગંધવાળો હોય છે, સ્પર્શમાં પણ ઓછો શીત અને ઓછો લુખો હોય છે ૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોથી તેજોલેશ્યાનો રંગ સંધ્યા સમયે થતાં લાલ વાદળાંના રંગ જેવો લાલ છે. તેનો સ્વાદ કેરીના રસ જેવો છે. ગંધમાં સુગંધી પદાર્થ જેવો તેનો ગંધ છે. સ્પર્શ ગરમ અને કોમળ હોય છે. આ લેશ્યા ચારિત્ર ધર્મના સૈન્યને મદદ કરનારી છે. પાછળની ત્રણે લેશ્યાઓ આત્માની આડે પડદારૂપે તો છે, છતાં તે પડદાઓ ક્રમે ક્રમે પારદર્શક જેવા નિર્મળ થતા જાય છે, જેથી આત્માના શુદ્ધસ્વરૂપને સર્વથા દબાવી શકતા નથી. ૪.

પાંચમી લેશ્યાનું નામ પદ્મલેશ્યા છે. આ તેના કરતાં બધી વાતે ચડીયાતી કે સારી છે. આનો વર્ણ સોનાના જેવો પીળાશ ઉપર છે, તેનો સ્વાદ ખજુર કે દ્રાક્ષના જેવો મધુર હોય છે, તેનો ગંધ વિશેષ સુગંધીવાળો હોય છે, તેનો સ્પર્શ સાધારણ ગરમ અને સ્નિગ્ધ છે. ૫.

છઠ્ઠી લેશ્યાનું નામ શુકલલેશ્યા છે. આ લેશ્યા સર્વથી ઉત્તમોત્તમ છે. તેનો વર્ણ ચંદ્ર જેવો, દુધ જેવો કે તેથી પણ વિશેષ ઉત્તરોત્તર ઉજ્વળ અને નિર્મળ છે. તેનો રસ ખાંડ, સાકર કે ગોળથી પણ વિશેષ મીઠાશવાળો છે, તેનો ગંધ અતિશે સુગંધી છે, તેનો સ્પર્શ સુખદાયી સહજ ગરમ અને વિશેષ પ્રકારે સ્નિગ્ધ છે. ૬.

આ લેશ્યાઓ એક પછી એક સુધારાવાળા સ્વભાવની છે. દૃષ્ટાંત તરિકે છ લુંટારાઓ ગામમાં ધાડું પાડવા જતા હતા. પેલો લુંટારો બહુ જ નિદય હતો, તેણે પોતાના મિત્રોને જણાવ્યું કે ભાઇઓ ! ગામમાં જતાં જે સામુ મળે તેને હથીયારોથી ઠાર કરો. પછી તે મનુષ્ય હોય કે પશુ હોય, પણ તેને મારો. આ તેના પરિણામ કૃષ્ણલેશ્યા સાથે સરખાવવા જેવા છે. પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા જીવો આટલી હદ સુધી નિર્દય બને છે. ૧.

બીજો કહે છે કે ભાઇ ! પશુઓને આપણી સાથે કાંઇ વેર નથી, માટે પશુઓને મૂકીને જે માણસ સામો મળે તેને મારો. આ માણસના પરિણામ નીલલેશ્યાના પરિણામ સાથે સરખાવાય તેવા છે. ૨.

ત્રીજો માણસ બોલ્યો ભાઇ ! સ્ત્રીઓએ આપણો શો ગુન્હો કર્યો છે ? તેમ તે માણસને હેરાન પણ કરતી નથી માટે સ્ત્રીઓને ન મારતાં પુરૂષોને મારવા. આ માણસના પરિણામ ત્રીજી કાપોતલેશ્યાના પરિણામ સાથે બંધ-બેસતા થાય છે. ૩.

ચોથો માણસ બોલ્યો ભાઇ ! બધા પુરૂષોને મારવાની કાંઇ જરૂર નથી. બધા માણસો કાંઇ આપણી ઇચ્છાની આડે આવનારા નથી, માટે જેની આગળ હથીયાર દેખો તેનો મારો. બીજાને ન મારવા. આ માણસના પરિણામ તેજો-લેશ્યાને સાથે સરખાવાય તેવા છે. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચમો માણસ બોલ્યો કે ભાઈ! માણસોની પાસે હથીયાર હોય તે કાંઇ બધા આપણા દુશ્મનો નથી, માટે જે પુરૂષ આપણી સામો થાય તેને મારવો, બીજાને મારવો નહિ. આ માણસના વિચારો પદ્મલેશ્યાવાળાના પરિણામ સાથે સરખાવા યોગ્ય છે. ૫.

છઠ્ઠો માણસ બોલ્યો કે ભાઇ! માણસોને મારવાનું કે તેઓની સાથે લડાઈ કરવાનું કાંઈ કારણ નથી. આપણે તો ધન લેવા આવ્યા છીએ તો જેમ બને તેમ ધન લઈને ચાલ્યા જવું. આપણા કામ સાથે કામ રાખવું. આ માણસના પરિણામ શુકલલેશ્યાવાળા જીવોની સાથે સરખાવવા જેવા છે. ૬.

આ પ્રમાણે પરિણામના અધ્યવસાય સ્થાનકો એક બીજાથી ચડતા ઉતરતા હોવા સાથે સારા–ખોટામાં પણ અસંખ્યાતા ભેદો હોય છે. જ્યાં જ્યાં મન, વચન, કાયાની પ્રવૃત્તિ છે ત્યાં ત્યાં આ લેશ્યાઓની હૈયાતિ હોય છે. કેવળજ્ઞાન થયા પછી પણ એક શુકલલેશ્યા રહે છે. જ્યારે તેઓ આ દેહનો ત્યાગ કરે છે ત્યારે આ લેશ્યાઓ સદાને માટે તેમનાથી છુટી પડે છે.

પ્રથમની ત્રણ લેશ્યા મહામોહના સૈન્ય સંબંધી છે. પાછલની ત્રણ લેશ્યા ચારિત્રધર્મના સૈન્ય સાથે સંબંધ ધરાવનારી છે.

મહારાજા ગુણધારણ! આ પ્રમાણે જરા વિસ્તારથી તમને મેં કર્મપરિણામ અને તેનું કુટુંબ, માહામોહ અને તેનો પરિવાર, તેના સામંત રાજાઓ, તેના અંતરંગ શહેરો, તેને બહાર પ્રગટ થવાના સ્થાનરૂપ ભવચક્ર નગરના ચાર વિભાગો અને જીવોને દુઃખ દેનારી સાત રાક્ષસીઓ તથા લેશ્યાઓ વિગેરેની હકીકત કહી સંભળાવી તે તમારા ધ્યાનમાં બરોબર આવી જ હશે.

ગુણધારણે મસ્તક નમાવીને જણાવ્યું કે હે! પ્રભુ મારાપર આજે મોટો અનુગ્રહ કર્યો છે. જ્ઞાની–અનુભવી ગુરૂ સિવાય આ બોધ કોણ આપે? આ અંતરંગ લોકોને–દુશ્મનોને જાણ્યા વિના મનુષ્યોનો પુરૂષાર્થ શું કામ આવે? પ્રભુ! મારાપર આજે મહાન ઉપકાર આપે કર્યો છે. નાથ! હવે ચારિત્રધર્મ રાજા અને તેના પરિવારાદિની હકીકત આપ આગળ સંભળાવવા કૃપા કરો. આત્માને હિતકારી તો તે જ કુટુંબ છે, તે સાંભળવાની મારી તીવ્ર ઇચ્છા છે.

આચાર્યશ્રીએ જણાવ્યું કે રાજન્! તમારી ઇચ્છા પાર પડશે જ. સાવધાન! થઇને તમે બધા સાંભળો.

ટુંકાણમાં જે જે કારણથી ક્રોધાદિક કષાય જાગૃત થાય તે તે કારણોને ત્રિકરણ શુદ્ધે તજો અને જે જે કારણોથી ક્રોધાદિક કષાય ઉપશાન્ત થાય તે તે કારણોને ત્રિકરણ શુદ્ધે આદરવા પ્રયત્ન કરો **ઇતિશમ્.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

લેખક:—મુનિ ન્યાયવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૧૫૭ થી શરૂ )

આ સિવાય દાનવીર ધર્મપ્રેમી શ્રીયુત **બાબૂજી બહાદુરસિંહજી સિંધીને** ત્યાંપણ બહુ જ સુંદર સંગ્રહ છે થોડો પણ મહત્વનો સંગ્રહ છે. હિન્દી સાહિત્ય સમ્મેલનના પ્રદર્શનમાં તેઓના સંગ્રહની બહુ જ પ્રશંસા થઇ હતી. તેને અંગે તેમને સુવર્ણપદક–મેડલ પણ મળ્યો હતો. તેમની ઉદારતાભરી દાનવૃત્તિથી અને વિદ્યાપ્રેમથી મહાન્ શ્રીમાન્ વ્યાપારી તરીકે જ નહિં, પરન્તુ વિદ્યાપ્રેમી અને શ્રીમાન્ તરીકે પણ તેમની કાર્કિદી બહુ યશસ્વી લેખાય છે. બાબુ દયાલચંદજી પારેખ રાયકુમારસિંહજી આદિ પણ જૈન સંઘની સુંદર સેવા બજાવે છે. શુભ પ્રવૃત્તિઓમાં યથાશક્તિ સારો ભાગલ્યે છે. તેમજ ગુજરાતી જૈન સંઘના પ્રેસીડેન્ટ નરોત્તમભાઇ, પ્રાણજીવનભાઇ તથા કેશવજીભાઇ આદિ પણ ખ્યાતનામા અને કાર્યકર્તા છે. કલકત્તામાં જૈનોની ધાર્મિક પ્રવૃત્તિ એવી ભાગ્યે જ હશે કે જેમાં નરોત્તમભાઇ ભાગ ન લેતા હોય. અહીં અમદાવાદ કે મુંબઇની માફક જૈનોની વધારે વસ્તી નથી છતાંય મરૂદેશી જૈનોની વસ્તી સારા પ્રમાણમાં છે, તેમાંય તેરાપંથી જૈનોની વસ્તી ઘણી છે. દિગંબર જૈનોની વસ્તી આપણાથી ઘણી ઓછી છે. તેમની પણ જૈન સિદ્ધાંત પ્રકાશિની સંસ્થા જોવા યોગ્ય છે. પ્રસિદ્ધ ચિત્રપ્રકાશક નથમલજી ચંડાલિયા પણ પોતાનાં સુન્દર ચિત્રો અહીંથી જ પ્રકાશિત કરે છે. આ વખતે તો કેટલાક તીર્થોના સુન્દર વ્યુહો પોતે જાતે ઉતાર્યાં છે અને ટુંક સમયમાં પ્રકાશિત કરશે. શિખરજી તીર્થની ચિત્રાવલી બહાર પાડી જૈન સાહિત્યની સારી સેવા બજાવી છે.

યદિ સમય હોય અને બીજાં સ્થાનો જોવા હોય તો તે પણ ઘણાં છે, જેમાં મુખ્ય અહીંનું મ્યુઝીયમ, અજાયબ ઘર, મહાન્ વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચન્દ્રબોઝની[1] લેબટરી (પ્રયોગશાળા, વિકટોરીયા મેમોરીયલ, આકટરલોની મોન્યુમેટ–કિલ્લો, ઇડન ગર્ડન ઇમ્પીરીયલ લાયબ્રેરી, ધર્મરાજીક ચૈત્ય (બૌદ્ધવિહાર) બંગીય સાહિત્ય પરિષદ, બોટેનિકલ ગાર્ડન, વિવેકાનંદ મઠ, બ્લેક હોલ ( જો કે તે કલ્પિત મનાય છે. ) કાલિમંદિર વગેરે ઘણું ઘણું છે.

અહીં ચાતુર્માસ કરી અમે અજીમગંજ તરફ વિહાર કર્યો. અજીમગંજ તરફ જતાં બંગાળ જોવાનો મળે છે. બંગાળની દશા બહુ જ કરૂણ અને દયાર્દ્ર છે. દારિદ્રયદેવીનું ભીષણ સ્વરૂપ ચોતરફ પથરાયું પડયું છે. અજ્ઞાનતા પણ ઓછી નથી. અહીં જમીનદારો–રઇસો સુખી છે દિનરાત વૈભવવિલાસમાં અને મોજમઝામાં મશગુલ રહી ગરીબ નિરાધાર પ્રજાનાં લોહી ચૂસે છે. ગંગાથી ઘેરાયેલા અને કુદરતી મહેરવાળા આ પ્રદેશમાં લક્ષ્મીની છોળો ઉછળવી જોઇએ, પરન્તુ ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો અને મજુરો કરતાં અહીંના ખેડુતો

૧. જૈન જ્યોતિમાં મેં આનું રસિક વર્ણન આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મજુરોમાં ગરીબાઇ વધારે છે. આમાં મૂળ કારણ આળસ છે. "હોત્ છીકી તડા–તેડી આ છે બાબુ?" આ શબ્દો દરેક કાર્યમાં સંભળાય છે. આજ બંગાળમાં ક્રાન્તિદળ પુરજોશમાં છે તેનું મુખ્ય કારણ ગરીબાઇ છે. જ્યાંસુધી રોટી નહિ મળે ત્યાંસુધી આજ દશા રહેવાની છે, તેમજ ક્રાન્તિદળવાળા જલ્દી ફૂટી જતા હોય, ભંડાફોડ થતી હોય તે પણ દરિદ્રતા દેવીનો જ પ્રતાપ છે. અહીં ગુજરાત કરતાં B. A. M. A. ઘણા મળશે પણ અંદર જૂઓ તો... ... લાગ્યા વિના નહિ રહે. જે બંગાળ એકવાર મહાન્ સમૃદ્ધિશાલી અને ખેતીપ્રધાન દેશ ગણાતો ત્યાં આજે આમવર્ગમાંથી લક્ષ્મીદેવી રીસાઇ ગયાં હોય તેમ ભાસે છે. પ્રજા દિનપરદિન નિર્બલ, આળસુ, અને દરિદ્ર થતી જાય છે. મહાત્મા ગાંધીજીના શબ્દોમાં કહું તો ભારત એટલે મુંબઇ, કલકત્તા, મદ્રાસ, કરાંચી, અમદાવાદ કે દિલ્હી નહિ કિન્તુ તેનાં ગામડાં જ ખરૂં ભારતવર્ષ છે; એની પ્રતીતી અનુભવી સિવાય બીજાને નહિં થાય. થોડો વિષયાંતર થયો હવે મૂળ મુદ્દા ઉપર આવું.

કલકત્તાથી નીકળ્યા પછી વર્ષાદને અંગે **ભાતપાડા** ત્રણ દિવસ રોકાવું પડયું હતું. અહીં નવયુવાન ત્રણાં બંગાલીઓનો પરિચય થયો હતો. સરલતા અને માધુર્યની મૂર્તિસમા તે નવયુવાનોને અહિંસા ધર્મનો ઉપદેશ આપતાં અમને ઘણો આનંદ આવતો. અહિંસાનો ઉપદેશ પ્રેમપૂર્વક સાંભળે, સામી દલીલો કરે અને અન્તે સત્ય વસ્તુ સમજાતાં તરત જ સોગન લ્યે કે–શપથ લ્યે કે આજથી માંસ, મછલી અને ડીમ (ઇંડા) નહિં ખાઉં. બંગાળમાં પ્રાયઃ દરેક ઘેર નાની નાની તળાવડી હોય છે અને તેમાં માછલાં પુષ્કળ થાય છે. બંગાળીઓ આને જલફુલજલડોડી માની પ્રેમથી ખાય છે તેમનો ખોરાક જ પ્રાયઃકરીને ચાવલ અને માછલી હોય છે. માત્ર ચૈતન્ય સંપ્રદાયના કેટલાક સજ્જનો અને વિધવા સ્ત્રીને છોડી આબાલવૃદ્ધ દરેક માછલી ખાય છે. જમણવાર અને તહેવારોમાં પણ આ વસ્તુ મુખ્યતાએ હોય જ. ઘરની તલાવડીમાં જુઓ કે મોટા તળાવમાં જુઓ ન્હાય ત્યાં, પાણી પીવે તેનું, લઘુનીતિ અને વડીનીતિ પણ ત્યાં જ કરે અને માછલાં પણ તેનાં જ ખાય, વાસણ અને કપડાં પણ તેમાં જ સાફ થાય, ગંદકીનો–અશુચિનો પાર ન મળે પણ ચોખ્ખાઇ–છુઆછુત માટે આડંબર પણ ઘણો. અમને તો આ પ્રકારના ઘણા અનુભવો થયા છે પણ અહીં તેને ઉતારવાનું સ્થાન નથી

ભાતપાડામાં તો ઘણા નવયુવાનોને માંસાહાર છોડાવ્યો છે. તેમાં માંસ માછલીનો તો સરલતાથી ત્યાગ કરતા, પરન્તુ **ડીમ** (ઇંડા) છોડવાં બહુ કઠણ પડતાં. ઇંડાને ફળ જ માને, અન્તે ઘણી સમજાવટ પછી સમજતા અને તેનો પણ સહર્ષ ત્યાગ કરતા. અહીંથી વિહાર કર્યો ત્યારે ઘણા યુવાનો વળાવવા આવેલા અને થોડા તો ત્રણ મુકામ સુધી સાથે આવ્યા, અને કલકત્તા તપગચ્છ ઉપાશ્રય ઉપરના મંદિરના પ્રતિષ્ઠામહોત્સવ ઉપર પણ આવેલા. તેઓમાં ધાર્મિક સંસ્કારોની ઓછાશ હોય છે પણ સારા ત્યાગી અને વિદ્વાન્ સાધુઓની છાપ બહુ જ જલ્દી પડે છે. પરિચય ન હોય ત્યાંસુધી જૂદી વાત પરન્તુ પરિચય થાય અને ત્યાગી ને વિદ્વાન્ સાધુ જાણે તો તેનું ગૌરવ અને સન્માન પણ ઘણું કરે.

ભાતપાડાથી વિહાર કરતા રાણાઘાટ થઇ ધીમે ધીમે અમે **કૃષ્ણનગર** આવ્યા.

**કૃષ્ણનગર**–આ નગર બંગાળમાં બહુ જ પ્રસિદ્ધ સ્થાન ગણાય છે. નદીયા શાન્તિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નૈયાયિક પંડિતો અહીં વસે છે. અહીંથી નદીયા ટુંકે રસ્તે માત્ર ૪ કોશ જ થાય છે. અહીં અમને આ જીલ્લાના પ્રસિદ્ધ ડિસ્ટ્રીક ઇજીનીયરનો પરિચય થયો. અહીં તેમના ડાક બંગલામાં અમે ઉતરવાના હતા પરન્તુ થાકી ગયા હોવાથી બીજા સ્થાને જ ઉતર્યા. તેઓની ઇચ્છા હતી કે હું સાંજ સુધીમાં દર્શને આવીશ પરન્તુ કાર્યવશ આવી ન શકવાથી આગળના મુકામનો પ્રબંધ તેમણે જ કર્યો અમે ડાક બંગલામાં જ ઉતર્યા. બપોરે પાંચ-દશ વિદ્વાન્ પંડિત આવ્યા. સંસ્કૃત અને બંગાળીમાં અહિંસાનો ઉપદેશ ચાલ્યો, ઘણી વાતચીત થઇ. શ્વેતાંબર જૈન સાધુઓનો વિહાર આ પ્રદેશમાં થાય અને ભગવાન મહાવીરના અહિંસા સિદ્ધાંતનો ડિંડિનાદ વગાડવા સાદર આગ્રહપૂર્વક વિનંતી કરી. સંધ્યા સમયે ક્રષ્ણનગરથી ભૂપતિબાબુ પોતાની મોટરમાં ઓવરસીયર અને બે-ત્રણ સિપાહીસહ આવી પહોંચ્યા. દૂરથી જ દંડવત્ નમસ્કાર કરી બોલ્યાઃ "દુર્લભં સાધુદર્શનં" આપના દર્શન માટે એક વાગ્યાથી નિકળ્યો છું, રસ્તામાં કાદવ નડવાથી મોટર હાથે ધકેલી ધકેલી અત્યારે આવી પહોંચ્યા. ખરેખર સાધુદર્શન સરલતાથી નથી પ્રાપ્ત થતાં આમ કહી નજીકની કોટડીમાં વિશ્રાન્તિ લીધી, જલપાન કર્યું ત્યાં અમારૂં પ્રતિક્રમણ થઇ રહ્યું તેમના શબ્દોમાં સંધ્યા ક્રિયા થઇ ગઇ. પછી આવ્યા. પ્રથમજ જૈન સાધુના આચારવિચાર પુછ્યા. એમાં એકાદ કલાક વ્યતીત થઈ ગયો જૈન સાધુ નિરંતર પગે જ ચાલે છે; તેને કાયમ રહેવાના મઠ કે મંદિરો નથી, કંચન અને કામીનીનો સર્વથા ત્યાગ કરે છે, પૃથ્વી, કાચુ પાણી, અગ્નિ, હરી (લીલી) વનસ્પતિને નથી છુતા-અડતા, પંખા આદિથી હવા નથી ખાતા, મધુકરી—ભિક્ષાં દેહી, ગૌચરી ઉપર જીવન નિર્વાહ કરે છે. પોતાના નિમિત્તે કરેલું કાંઇ લેતા નથી." વગેરે વગેરે સાંભળીને એ તો દિંગ જ થઇ ગયા શું ભારતમાં કંચન અને કામીનીના સર્વથા ત્યાગી સાધુઓ છે ખરા ? ઉઘાડે માથે અને ખુલ્લા પગે નિસ્પૃહતાથી વિચરી સદ્ધર્મનો ઉપદેશ આપનાર સાધુ સંસ્થા છે એ જાણી તેઓ ઘણા જ પ્રસન્ન થયા. "જીંદગીમાં પ્રથમ જ આવા સાધુનાં દર્શન થયાં છે. યદિ મને ક્રષ્ણનગરમાં ખબર પડી હોત કે દર્શન થયાં હોત તો નગરમાં આપનું સ્વાગત ઝુલુસ કાઢત." અમે કહ્યું અમારે કાંઇ એવી જરૂર નથી. તેમણે કહ્યું કે જનતા તો પુનિત થાત અસ્તુ. પછી સ્યાદ્વાદ અને અદ્વૈતવાદની, દ્વૈતવાદની, જગત્કર્તૃત્વની, હિંસા-અહિંસાની, ઇશ્વરના સાચા સ્વરૂપની, સાકાર-નિરાકારની ચર્ચા ચાલી. લગભગ એક વાગ્યા સુધી શાન્તિ, પ્રેમ અને જીજ્ઞાસાથી વાતચીત ચાલી. તેમને ઘણી ખુશાલી થઇ હવે તેમને કઇંક જાણવાની જીજ્ઞાસા થઇ. રાત્રે બધા સુતા તેઓ જાગતા સુતા. અમારે તો સવારે વિહાર કરવાનો હતો એટલે ૩-૩॥ વાગે ઉઠ્યા. માલા આદિ જાપ કરી પ્રતિક્રમણ આદિ કરીને તૈયાર થયા ત્યાં સવાર થયું. તેમણે બધું ચુપચાપ જોયા કર્યું. પરમ ભક્ત જ ન હતા; સુધારક વિચારના હોવા છતાં સંધ્યા નિયમાદિમાં દ્રઢ હતા. સવારે પડિલેહણ સમયે આવીને સામે બેઠા. બધી ક્રિયા જોઇ પછી કહે આટલાં જ કપડામાં રાત્રિ કેવી રીતે વ્યતીત કરી ? એક જ કમ્બલના બિછાનાથી આપને કેમ નિંદ આવે છે ? એમ કહ્યું. તમે પ્રત્યક્ષ જોયું અમે કેમ સુતા અને રાત્રિ વ્યતિત કરી તે. પછી સ્થાપનાજીનું પડિલેહણ જોયું. તેમાં બે-ચાર માલાઓ ગણવાની હતી. એક માલા તેમને બહુ જ પસંદ આવી. અમે કહ્યું કે આપવામાં વાંધો નથી પરન્તુ જે માણસ માછલી, ઇંડા, શરાબ આદિ અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કરે તેને આપીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાત્રિનો અહિંસાનો ઉપદેશ તેમના હૃદયપટમાં રમણ કરતો હતો. બહાર જઇ થોડીવાર વિચારી પ્રતિજ્ઞા કરી કે આજથી આપે કહેલ કોઇ પણ ચીજ હું નહીં ખાઉં. બનશે ત્યાં સુધી ઘરમાં પણ આજથી તેનો બોયકોટ થઇ જશે. આખુ કુટુમ્બ બધુ બંધ કરી દેશે. જે દિવસે ભૂલ થઇ તે દિવસે માલા આપને પાછી મોકલાવીશ. મહારાજશ્રીના પગે હાથ અને માથુ અડાડી શપથ (સોગન) લીધા. આજથી જીંદગીમાં કદિ પણ માંસ, માંછલી, ડીમ, (ઇંડા) અને શરાબ આદિનો ઉપયોગ નહિં કરૂં. પછી બહુ રાજીરાજી થઇ ગયા. હવે અમારા વિહારનો સમય થયો. અમે ભેટ બાંધી નીકળ્યા. થોડુંક તેઓ પણ ચાલ્યા-આગળના મુકામે આવવાનું મન થયું. પછી કહે હું લાચાર છું કે આપની સાથે ચાલી શકું તેમ નથી, પરન્તુ હું મોટરમાં જઇ આપના આગળના મુકામે મળીશ. અમે તે દિવસે વિહાર પણ ૮ માઇલનો ટુંકો જ રાખ્યો હતો. અમે દશ-સાડાદશે પહોંચ્યા. તેઓ પણ લાંબુ ચક્કર મારી આવી પહોંચ્યા. પછી પ્લાસીના યુદ્ધનું સ્થાન બતાવ્યું. ત્યાં એક ઇંગ્રેજી સૈન્યનો વિજયસ્થંભ છે. તેમણે કહેલ શબ્દો નથી મુકતો. પછી પાછા આવ્યા અને પુનઃ ચર્ચા ઉપાડી. વેદાન્ત અને જૈન દર્શનની તુલનાત્મક ચર્ચા ઉપાડી. પોતે પણ સારા બંગાળી કવિ હતા. એક સુન્દર નૂતન કવિતા બનાવી ગાઇ સંભળાવી. પછી તો તેમણે કહ્યું કે આ પ્રદેશમાં યદિ જૈન સાધુઓ વિચરે તો હું દરેક સ્થાને મારા જીલ્લામાં સ્થાનની અનુકુળતા કરાવી દઇશ. સાંજે અમે ગોચરી કરવા ઉઠયા. તેઓ પણ જમવા ગયા. જમીને પાછા આવ્યા પછી અન્તિમ વિદાય લેતી વખતે સુંદર ભાવવાહી ભક્તિમય બંગાળી ગીત સંભળાવી નમસ્કાર કરી બોલ્યાઃ **હું નારાયણનો ઉપાસક છું, અને મૂર્તિરૂપે તેની રોજ પૂજા કરૂં છું, પરન્તુ નરરૂપે નારાયણ હો તો આપ છો. આપ સાક્ષાત્ નરરૂપે નારાયણ છો. બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવની આ પ્રત્યક્ષ ત્રિપુટીનાં સાક્ષાત્ દર્શન કરવાથી મને ઘણો જ આનંદ થયો છે.** મારી જીંદગીના આ દિવસો બહુ જ યાદગાર અને ચિરસ્મરણીય રહેશે. જગત્‌માં યદિ કોઇને નારાયણના સાક્ષાત્ દર્શન કરવા હોય, પુનિત થવું હોય તો આપના જ દર્શન કરે. શું નારાયણ કાંઇ આપનાથી જૂદા હોઇ શકે ખરા ? હું તો નથી માનતો. મને આ જીવનમાંતો શું પરન્તુ અન્ય જીવનમાં પણ આપનાં દર્શન થાય એમ પ્રાર્થના કરૂં છું. વગેરે વગેરે કહી તેઓ રવાના થયા. જો કે આવા જ નહીં પરન્તુ આને મળતા ઘણાય પ્રસંગો અમારે બન્યા છે પણ તે બધા અહીં નથી ટાંકતો આ દૃષ્ટાંત પણ આપવાનું મન ઓછું જ હતું પરન્તુ નિષ્પક્ષ વિદ્વાન્ અજૈનો ઉપર જૈન સાધુઓની કેવી છાપ પડે છે તે બતાવવા ખાતર જ આ દૃષ્ટાન્ત કહ્યું છે, ત્યારપછી તો અમે બંગાળી અહિંસા દિગ્દર્શન તથા કેટલાંક સંસ્કૃત પુસ્તકો તેમને મોકલ્યાં હતાં. ચાર મુકામ સુધી તેમણે અનુકૂળતા કરી આપેલી.

ત્યાંથી પછી અમે લાંબા વિહાર કરી **કાસિમબજાર** જે અજીમગંજ પહેલાંનું છેલ્લું મુકામ છે ત્યાં ગયા. અહી પહેલાં સુંદર ત્રણ જીનાલયો હતાં અને ત્રણસો શ્રાવકનાં ઘર હતાં અત્યારે માત્ર એક મંદિરનું ખંડિયેર ઉભું છે. અહીંથી પ્રતિમાજી અજીમગંજ લાવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. બાબુ બુદ્ધિસિંહજી દુધોરીયાએ આમંદિરના જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે, અત્યારે તેમાંનું કશું નથી, કાળની ગતિ ગહન છે. ટુંક સમયમાં એવું વિચિત્ર પરિવર્તન થાય છે કે જેની કલ્પના પણ નથી આવતી. ત્રણસો ઘર અને ત્રણ મંદિરમાંથી કશુંય ન રહે એ કાંઇ જેવું તેવું પરિવર્તન નથી. સૌભાગ્યવિજય પોતાની તીર્થ માલામાં એક મંદિનો ઉલ્લેખ આપે છે, હાલમાં બહારથી વ્યાપાર અર્થે આવીને રહેલા ૩-૪ મારવાડી ઓશવાલ જૈનોની દુકાનો છે, ત્યાંથી વિહાર કરી બંગાલની ભૂતપૂર્વ રાજધાની "**મુર્શિદાબાદ**" આવ્યા. આ એજ નગરી છે કે જ્યાં બંગાલના મોટામોટા કોટયાધીશો આનંદથી રહેતા હતા બંગાલની આ રાજધાની આજે છિન્ન ભિન્ન થઇ ગયેલ છે, આંહી મુગલાઇ જમાનામાં લક્ષ્મીની વૈભવની છોળો ઉડતી હતી મુર્શિદાબાદના ભૂતકાલીન વૈભવ અને વિલાસની વાતો આજતો પુસ્તકના પાના પર આલેખાયેલી મળે છે.

"કોટી ધ્વજ કોઇ સહસરે રેશમીની કોડી ઉચ્છાહરે."

કવિનાં આ વચનો વાંચી નગરની આજની પરિસ્થિતિ જોતાં આખમાં અશ્રુ આવ્યા સિવાય નથી રહેતાં. આજતો અહીં મુસલમાનો ખાસ વસે છે, અન્યજાતિ થોડી છે, નવાબના કુટુમ્બીઓ છે તેમને બ્રિટીશ સરકાર વર્ષાસન આપે છે, જો કે આજે નવાબીનું નામ નથી રહ્યું છતાં હજીયે વિલાસ અને મોજ મઝાહમાંથી ઉંચા નથી આવી શકતા. આ નગરમાં કોટાધીશ જૈન શ્રીમાનો વસતા હતા, ભારતરત્ન **જગતશેઠજેવા** નામાંકિત પુરૂષો અહીંજ ગૌરવ અને વૃદ્ધિ પામેલા; તેમજ તેમના વૈભવ અને પ્રભુતાનો નાશપણ આસ્થાનેજ થયો એ પણ કુદરતના ખેલ - વિધિની વિચિત્રતાજ સમજવીને? આજતો નગરમાં સ્મશાન શાન્તી દેખાય છે, ચોતરફ જૂનાં ઉભેલાં ખંડિયેરો નગરીના ભૂતકાલીન ગૌરવને સહસ્ર મુખે રોતો હોય તેમ રોતિ સુરત કરી જીવનધારી રહ્યા છે. જ્યાં લક્ષ્મી દેવીની વિજય પતાકા ફરકતી ત્યાં આજે ધૂળ ઉડે છે અત્યારે તો "સાપ ગયા અને લીસોટા રહ્યા" ની ઉક્તિ બરાબર ચરિતાર્થ થઇ રહેલ છે, ગગનચુમ્બી મ્હેલાતોનાં ખંડિયેરોમાં આજતો કુતરાં, કુકડાં અને ડુકકરો બાદશાહી? ભોગવે છે. અહી એક પૂરાણો રાજમહેલ અને સહસબારી ( જેમાં એક હજાર બારીઓ છે ) જોવા જેવાં છે; તેમાં પુરાણા મુગલ જમાનાનાં ચિત્રો, સિકકા, હથિયારો તથા કંઇક લેખોનો સંગ્રહ છે, આ નગરીના જૈનોની સાહયબીનું ભૂતકાલિન વર્ણન વાંચવા જેવુ છે, જે નીચે આપું છું.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

**અનુવાદક—વિઠ્ઠલદાસ મૂ. શાહ**

(ગતાંક પૃષ્ઠ ૧૬૬ થી શરૂ)

સંસ્કારોની વૃદ્ધિની સાથે સંસારનો ઉદ્દ્ભવ થશે. સંકલ્પોના નાશ સાથે સંસાર પણ લુપ્ત થઇ જશે. અહંનું ધ્યાન કરવાથી બધા સાંસારિક ભાવોનું તિરોધાન થઇ જાય છે અથવા જેવી રીતે સૂર્યના સામનાથી અંધકાર દૂર થઇ જાય છે તેવી રીતે આખું જગત અંતર્હિત થઇ જાય છે. મન સંકલ્પોનું સ્થાન છે. સર્વ સંકલ્પોનું મૂળ 'અહં' નો સંકલ્પ છે. મન અને 'અહં' એક જ છે. 'અહં' ને ટાળી દો, મન ટળી જશે.

આપણી સામેના દ્રશ્ય પદાર્થોમાં આપણી બધી કામનાઓને સમેટી લઇને અને શુદ્ધ ચિત્તદ્વારા આપણા અશુદ્ધ ચિત્તને દૃઢ અને સંયમી બનાવીને મનમાં ઉપસ્થિત થનાર બધા સંકલ્પોને નિર્મૂળ કરી દો. વર્ષો સુધી તપ કરી શકાય છે, એકી સાથે ત્રણે લોકમાં ભ્રમણ કરી શકાય છે; પરંતુ જ્યાં સુધી દ્રઢતાપૂર્વક સંકલ્પના નાશના માર્ગપર આગળ નથી વધાતું ત્યાં સુધી નિર્વિકલ્પ મોક્ષની પ્રાપ્તિ નથી થઇ શકતી, એટલા માટે જ સંકલ્પના નાશ અર્થે પ્રયત્ન કરો અને દુઃખ તથા વૈધર્મ્ય રહિત આત્માનંદ પ્રાપ્ત કરો. સંકલ્પોની માળામાં અસંખ્ય વિચારોના મણીયો ગુંથેલા છે. જો માળાના ટુકડેટુકડા કરીને જોશો તો તમને જણાશે કે તેની અંદર ગુંથેલા ભ્રમાત્મક વિચારોનું શું થાય છે.

ભોગથી સંતોષની પ્રાપ્તિ નથી થતી. એ વિચાર જ ભૂલભરેલો છે. ભોગ ઇચ્છાને જીવતી કરે છે અને તેને પુષ્ટ બનાવે છે. વૈરાગ્ય તેમજ ત્યાગથી જ મનને સંતોષ અને શાંતિ મળે છે.

ભોજન કેવળ શક્તિનો રાશિ છે, જળથી શરીરને શકિત પ્રાપ્ત થાય છે, વાયુ પણ શકિત આપે છે. આપણે ભોજન વગર ઘણા દિવસ સુધી જીવી શકીએ છીએ, પરંતુ હવા વગર ઘણો વખત જીવી શકતા નથી. પ્રાણપ્રદ વાયુ (oxygen) બહુ જ આવશ્યક વસ્તુ છે. શરીરની રક્ષા માટે કેવળ શકિતની આવશ્યકતા છે. જો આપણે કોઇ બીજા ઉપાયથી શકિત પ્રાપ્ત કરી શકીએ તો આપણે ભોજન તદ્દન છોડી શકીએ છીએ. યોગી લોકો અમૃતપાન કરીને ભોજન વગર શરીરને ટકાવી રાખે છે. એ અમૃત તાળવાના એક કાણામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવાહિત રહ્યા કરે છે. એ શરીરમાં પ્રવાહિત થઇને તેનું પોષણ કરે છે. જ્ઞાની પુરૂષ પોતાના શુદ્ધ અને અજિત સંકલ્પથી શકિત પ્રાપ્ત કરી શકે છે અને ભોજન વગર શરીરનું પોષણ કરી શકે છે. જો તમે સૌરશકિત અથવા દ્યુશકિતથી શકિતના આકર્ષણની વિધિ જાણી લ્યો તો તમે કેવળ એ શકિતથી જ વર્ષો સુધી શરીરનું પાલન કરી શકો છો અને ત્યારે તમે ભોજનનો ત્યાગ પણ કરી શકો છો.

સંકલ્પ ગતિશીલ હોય છે. વસ્તુતઃ એ સાધકનું શરીર છોડીને કોટડીમાં ચક્કર માર્યા કરે છે. તે બીજાના મગજમાં પણ પ્રવેશ કરે છે. હિમાલયની એક ગુફામાં રહેનાર એક સાધુ અમેરિકાના કોઇ ખૂણામાં પોતાની બળવાન સંકલ્પ-શકિત પ્રેરી શકે છે. તે એક ગુફામાં પોતાની શુદ્ધિની ચેષ્ટા કરે છે. તે ખરી રીતે સંસારને શુદ્ધ કરે છે; વિસ્તૃતરૂપે સંસારનું ભલું કરે છે. વિચાર–વિનિ-મય એક જાતનું વિજ્ઞાન છે. મન આકાશ જેવું વિભુ છે, તેથી વિચાર–વિનિમય સંભવિત છે.

વિચાર બહુ જ સંક્રામક હોય છે. તમારી અંદરનો એક સહાનુભૂતિનો વિચાર જેઓ તમારા સંપર્કમાં આવે છે તેઓમાં તેવો જ સહાનુભૂતિનો વિચાર ઉત્પન્ન કરે છે. ક્રોધી મનુષ્ય પોતાની ચારે તરફના મનુષ્યોમાં પોતાના ક્રોધના વિચારો ઉત્પન્ન કરે છે. તે એક મનુષ્યના મસ્તકને છોડી બહુ દૂર રહેનાર બીજા મનુષ્યના મસ્તકમાં પ્રવેશ કરે છે અને તેનામાં ઉત્તેજન ઉત્પન્ન કરે છે. એક સુખપ્રદ વિચાર બીજામાં સુખપ્રદ ભાવની સૃષ્ટિ કરે છે. હર્ષઘેલાં બાળ-કોને નાચતાંકુદતાં જોઇને આપણે આનંદનો અનુભવ કરીએ છીએ અને અત્યંત હર્ષમાં મગ્ન થઇએ છીએ.

જ્ઞાનીપુરૂષમાં વાસનાત્મક પ્રકૃતિનું પૂરેપૂરૂં ઉન્મૂલન થયું હોય છે. સાધકમાં એ સુસંયત-દશામાં રહે છે. ગ્રહસ્થની અંદર એ અસ્થિર રહે છે ને એનું દમન નથી કરી શકતાં. સંકલ્પની નબળાઇને લઇને તે વિવશ બનીને તેનું પોષણ કરે છે.

મનને શિક્ષિત કરો, મનને કહો કે ‘ રે મન દ્રઢ થા, કેવલ એક વિષય ઉપર લગી રહે.’ જો એ વિચલિત થાય, ભટકવા લાગે તો કોઇ એકાન્ત સ્થા-નમાં જાઓ. બે–ત્રણ જબરી લપાટ મ્હોં ઉપર લગાવો ત્યારે જ મન સ્થિર થશે ભટકતા મનને રોકવામાં આત્મશાસન કંઇક સહાય કરે છે. મન જ્યારે કોઇ પણ લક્ષ્યથી બહાર જાય, જ્યારે કોઇ દૂષિત વિચારોનું પોષણ કરે ત્યારે તેને શિક્ષા કરવાની ધમકી આપો.

જેવા સંસ્કાર હશે તેવા જ , વિચારો અને તેવી જ ઇચ્છાઓ હશે. જો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા સંસ્કાર સારા હશે તો આપણા વિચાર અને ઇચ્છાઓ સારા જ હશે. ચાલીશ વર્ષની અવસ્થા સુધી દુષ્કર્મ કર્યું હોય તો તે પછી હવે પણ દાન, જપ, તપ, દમ, સ્વાધ્યાય. ધ્યાન, દીનસેવા કરવાની શરૂઆત કરો. બીજા જન્મમાં એ સારા સંસ્કારો તમને અધિક ધાર્મિક કર્મ કરવામાં પ્રવૃત્ત કરશે. તેઓ સારી ઇચ્છાઓ અને સારા વિચારો ઉત્પન્ન કરશે.

अपि चेत्सुदुराचासे भजते मामन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवस्थितो हि सः ॥

અત્યંત પાપી મનુષ્ય પણ અનન્ય ભાવથી મારી ભક્તિ કરે છે તો તેને સાધુ સમજવો જોઈએ, કેમકે તેણે સમ્યગ્ નિશ્ચય કર્યો છે.

જે મન આસક્તિ, મોહ, ઇર્ષ્યા, કામવાસના, સ્વાર્થ અને ક્રોધમુક્ત હોય છે તે જ સતત ઇશ્વરનું સ્મરણ કરી શકે છે.

મન ઘણી જ સ્હેલાઇથી સાંસારિક વિષયોનું ચિંતન કરે છે. તે એનો સ્વભાવ છે. માનસિક શક્તિ તે તરફ ઘણી જ સ્હેલાઇથી પ્રવાહિત બને છે. માનસિક શક્તિ જુના સાંસારિક વિચારોના સુંદર માર્ગે ઘણી જ સ્હેલાઇથી વહે છે તેથી ઇશ્વર ચિંતન તેને ઘણું જ ક્લિષ્ટ લાગે છે. વ્યવહારમાં ફસાયેલા સાંસારિક પુરૂષને માટે તો તે એક પર્વતસ્થ ક્રિયા છે. ઇશ્વરચિંતન એક મહાન્ માનસિક શ્રમ લાગે છે. એ ગંગા નદીમાં પ્રવાહથી વિમુખ હોડી હાંકવા જેવું કઠિન છે. સતત પ્રયત્ન અને ત્યાગદ્વારા એ ઇચ્છાઓને ઇશ્વર તરફ પ્રવાહિત થવા યોગ્ય બનાવી શકાય છે. જો સાંસારિક વિપત્તિઓ અને સંકટોથી બચવા ચ્હાતા હો તો એ સિવાય બીજો કોઇ ઉપાય જ નથી.

આસક્તિ વગર પણ આકર્ષણ થઇ શકે છે આપણે એક સુંદર વસ્તુ, ગુલાબનું પુલ તથા રમણી જોઇને આકર્ષિત થઇ શકીએ છીએ, પરંતુ એ આવશ્યક નથી કે આપણે ગુલાબના ફુલ અથવા રમણી ઉપર આસક્ત થવું જોઇએ. આસક્તિ તો અધિકાર અને ભોગ ઉપરાંત આવે છે.

ખરાબ વિચારો દબાવવામાં ઇચ્છાશક્તિનો વ્યય થાય છે, અને ઘણો જ થાક લાગે છે. નિગ્રહના નિયમ પ્રતિપક્ષ ભાવનાના નિયમો કરતાં વધારે કઠિન હોય છે. જ્યાં કામવાસનાના વિચાર ઉઠે ત્યાં પવિત્રતાના વિચારને સ્થાન આપો. ધાર્મિક પુસ્તકનો પાઠ શરૂ કરો. કોઇ વાજીંત્ર લઇને ઇશ્વરનું ભજન શરૂ કરો, જેથી અશુદ્ધ વિચાર લુપ્ત થઈ જશે. જ્યારે દ્વેષ થાય ત્યારે પ્રેમના વિચાર ઉપસ્થિત કરો, જેનો તમે દ્વેષ કરતા હો તેના સદ્ગુણોનું ચિંતન કરો, તેના ઉદાર કૃત્યોનું વારંવાર સ્મરણ કરો. તેનો સારો સત્કાર કરો. તેની સાથે નમ્ર શબ્દોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર

## શ્રી કદમ્બગિરિતીર્થે અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ—

શ્રી શત્રુંજય મહાન તીર્થપ્રાસાદહોવાથી ૧૦૮ શિખરો રૂપી મુકટથી બિરાજમાન છે. તેમાં આ કદંબગિરિ શિખર સજીવન અને મહાન ચમત્કારોથી ભરેલું, અને શ્રી તીર્થાધિરાજના મુખ્ય શિખર કે જ્યાં રાયણપગલા, મૂળટુંક વગેરેના પ્રભાવવાળું, ઉભય લોકને હિતકારી, સકળ પાપોને નાશ કરનારૂં, મુખ્ય તીર્થથી શુમારે ચાર માઇલના અંતરે જમણી બાજુએ આવેલું આ તીર્થ છે, કે જે હાલ બાર ગાઉની પ્રદક્ષિણામાં સર્વથી પ્રથમ આવે છે.

આ કદંબગિરિ તીર્થ ઉપર ભગવાન રૂષભદેવપ્રભુના શ્રીનાભનામના ગણધર ભગવંત ત્યાં યાત્રાર્થે પધારેલા. પ્રભુના પુત્ર પ્રથમ ચક્રી શ્રી ભરતમહારાજે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં વર્ણવેલું, તેમ જ શ્રી પુંડરીક ગણધર ભગવાન કે જેમના નામથી શ્રી પુંડરીકગિરિ કહેવાય છે, તેમણે પણ શ્રી શત્રુંજય ગિરિ મહીમા વર્ણવ્યો હતો. ત્યારબાદ શ્રી ગૌતમગણધર મહારાજે, શ્રી સુધર્માસ્વામી ભગવંતે પણ વિસ્તારથી આ ગિરિ મહીમા વર્ણવ્યો હતો, છેવટે પંચમ આરામાં થયેલા શ્રી ધનેશ્વરસૂરિ મહારાજે પણ અલ્પસત્ત્વના ઉપકાર માટે શ્રી શત્રુંજય માહાત્મ્યગ્રંથમાં શ્રી કદંબગિરિનો મહિમા વિસ્તારથી વર્ણવેલો છે, જેમાં શ્રી નાભ ભગવાન ચક્રવર્તી શ્રીભરત

---

વાતચીત કરો, તેની સાથે હસો ખેલો, તેની ચરણસેવા કરો, અને તેને ઇશ્વ નું સ્વરૂપ સમજો. દ્વેષ દૂર થઇ જશે. જ્યારે ભય લાગે ત્યારે મનને સાહસના ભાવોથી ભરી દો. જ્યારે મનમાં ઉત્તેજના થાય ત્યારે સહિષ્ણુતા, સંતોષ અને આત્મ-સંયમ વગેરેનું ચિંતન કરો. અભાવાત્મક વિચારો આપોઆપ નષ્ટ થઇ જશે. કોઇ વખત મનને એક કામ કરવાનો હુકમ કરવો પડશે અને કોઇ વાર તેને દબાવવું પડશે. કોઇ વખત તેનો ઉપહાસ કરવો પડશે અને કોઇવાર માનસિક શિક્ષા કરવી પડશે.

તમારે સાવધાનીથી જોવું પડશે કે તમે આધ્યાત્મિક માર્ગે આગળ વધો છો કે નહિ અથવા તમારી ઉન્નતિ અટકી ગઇ છે અથવા તમારા મનની કેવી અવસ્થા છે, એ વિચ્છિન્ન છે કે એકાગ્ર છે. જો તે વિચ્છિન્ન હોય તો તમારે વિચ્છિન્નતાના કારણોને સંતોષ અને સાવધાનીથી યોગ્ય સાધનોદ્વારા દૂર કરવા જોઇએ.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજને આ ગિરિનું પ્રભાવશાળી કથન સંભળાવે છે. ( જુઓ શત્રુંજય માહાત્મ્ય શ્રી ધનેશ્વરસૂરિકૃત પાંચમો સર્ગ, શ્લોક ૭૧૧ થી ૭૨૫ ) બીજી હકીકતો સાથે જણાવે છે કે, ઉત્સર્પિણી કાળના ચોવીશમા તીર્થંકર શ્રી સમ્પ્રતિ ભગવાનના શ્રી કદંબ ગણધર ભગવાન ક્રોડ મુનિઓ સાથે આ ગિરિ શિખર ઉપર મોક્ષે ગયા છે તેથી આ શિખર કદંબગિરિ નામથી પ્રખ્યાત થયેલું છે તેમાં દેવતાઇ ઔષધિઓ, સત્ કુપિકાઓ, રત્નખાણો તથા ઉત્કૃષ્ટ કલ્પવૃક્ષો વિદ્યમાન છે. આ તીર્થ ઉપર દીવાલી કે મકરસંક્રાતના દિવસે મંડલ સ્થાપન કરે તેને નિશ્ચયથી દેવતાઓ પ્રત્યક્ષ થાય છે. જો કે કાળના પ્રભાવે પાદુકા, રાયણ વૃક્ષ, મૂળ ટુંક વગેરે કાળરૂપ દોષથી ઢંકાયેલ તે વસ્તુઓ કાળદોષ નિવૃત થતાં દેખાશે અને ફરીથી અત્યંત ખ્યાતિ પામશે વગેરે વગેરે અચિંત્ય પ્રભાવ જાણી, ભરતમહારાજે ભાવિમાં વર્ત્તમાન કાળના થનારા ચોવીસમા જિનેશ્વર શ્રી વર્ધમાનસ્વામી ભગવાનનો પ્રાસાદ વર્ધિક રત્ન પાસે કરાવ્યો હતો. આ અપૂર્વ તીર્થ મહિમા આચાર્ય શ્રીમાન **વિજયનેમિસૂરીશ્વરજી**ના લક્ષમાં હતો તેમજ તેઓશ્રીના હસ્તે વર્ત્તમાનકાલિક આ ઉત્તમ કાર્ય થવું સરજાયેલ હોવાથી કેટલાક વખતથી, સં. ૧૯૬૬ ની સાલથી, પ્રયત્ન કરતાં તે માંગલ્ય કાર્યનો ઉદ્ધાર ગઇ ફાગણ શુદ ૩ ના રોજ ઉત્સાહપૂર્વક, વિધિવિધાનથી નીચે પ્રમાણે થયેલ છે.

કંદબગિરિની તળાટીમાં હાલ શ્રી બાવનજિનાલય પૂર્વક મુખ્ય મંદિર શ્રી **મહાવીર** પ્રભુનું અને ફરતી બાવન દેરી કે જેમાં અતિત, અનાગત અને વર્ત્તમાન કાળના તીર્થંકર ભગવાનો, વીશ વિહરમાન ભગવંતો, ચાર શાશ્વતા જિનેશ્વરો અને ગણધર ભગવંતોની નવી પ્રતિમાઓ તૈયાર થતાં સુંદર, શુદ્ધ, શાસ્ત્રોક્ત સામગ્રીઓવડે વિધિવિધાનપૂર્વક અંજનશલાકા ફાગણ શુદ ૨ ના રોજ કરી, ફાગણ શુદ ૩ ના રોજ પ્રતિષ્ઠા મહોત્સવ કરી બિરાજમાન કરવામાં આવેલ છે કે જેથી એક અપૂર્વ તીર્થના ભૂતકાળનું સ્મરણ વર્ત્તમાન કાળમાં તાજું કર્યું છે. શ્રી મહાવીર પ્રભુની પ્રતિષ્ઠા અમદાવાદવાળા શાહ કરમચંદ કુલચંદની પુત્રી પુંજી બ્હેને કરી મનુષ્ય જન્મનું સાર્થક કર્યું હતું અને બીજી દેરીઓમાં કાઠીયાવાડ, ગુજરાત વગેરે શહેરના જુદા જુદા જૈન બંધુઓએ કરી છે. મહોત્સવ નિમિત્તે વિધિ વિધાન સાથે રોજ જુદા જુદા ગૃહસ્થો તરફથી નવકારશીના જમણો, પૂજા, આંગી, ભાવના વગેરેથી પણ દેવ, ગુરૂ, ધર્મ, સ્વામીભાઇઓની ભક્તિ થતી હતી. અમદાવાદથી શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓ ( નગરશેઠ કસ્તુરભાઇ, શેઠ માણેકલાલભાઇ મનસુખભાઇ, શેઠ સારાભાઈ ડાયાભાઇ વગેરે ) અને બીજા સ્થળેથી મળી પંદર હજાર માણસો દેવ ભક્તિના આ કાર્યમાં ભાગ લેવા એકઠું થયું હતું. આ તીર્થનો વહીવટ નવેસરથી શ્રી **જિનદાસ ધર્મદાસ**ના નામથી શરૂ કરવામાં આવ્યો છે. એ રીતે મહોત્સવ પરિપૂર્ણ થયો હતો. આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી હજી કદંબગિરિના શિખર ઉપર પણ બાવનજિનાલય સાથે ટુંકનું કામ શરૂ છે. મૂળનાયકજી શ્રી આદિશ્વર ભગવાન, ચરણ પાદુકા, કુંડ વિસામા વગેરે શ્રી સિદ્ધાચળજીની મુખ્ય ટુંક પ્રમાણે તેમજ વિશેષ વિધિ વિધાન પ્રમાણે તીર્થરચના, અંજનશલાકા, પ્રતિષ્ઠા, હવે પછી થશે-કાર્ય શરૂ છે, ત્યાં તો જાવાલના મારવાડી બંધુ કપુરચંદજી તારાચંદજી જેની પાસે માત્ર એંશી હજારની મિલકત છે તેમણે પોતાની મીલ્કતનો અડધો ભાગ, એકતાળીશ હજાર રૂપીઆ બોલી ગિરિ ઉપર મૂળનાયક પ્રભુજીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિષ્ઠાનો આદેશ લીધો છે ધન્ય છે આ બંધુને કે પોતાની અડધી પુંજી આપી મનુષ્ય જન્મનું સાર્થક કરી ભૂતકાળમાં આવા અનેકાં દૃષ્ટાંતો સિદ્ધ કરી બતાવ્યા છે. ઉકત આચાર્ય મહારાજે પણ શત્રુંજય માહાત્મ્યમાં વર્ણન કરવામાં આવેલ આ ગિરિરાજના અપૂર્વ મહિમા છે તેને વર્તમાન કાળમાં સમયાનુસાર તીર્થ બનાવી તે વસ્તુ સિદ્ધ અને સાબિત કરી બતાવી છે. આ માંગલ્ય દેવભક્તિનું અપૂર્વકાર્ય, તીર્થ જલદીથી બના જાય અને તેની ભક્તિ કરી અનેક પ્રાણીઓ સંસાર તરી જાય એમ પ્રાર્થના કરીએ છીએ.

## ધી જૈન સેનેટરી એસોસીએશન મુંબઈ પ્રચાર કમીટીનો રીપોર્ટ

ઉપરોક્ત સંસ્થાની આરોગ્ય પ્રચારક કમિટીની એક મીટીંગ ડો. મો. એચ શાહના દવાખાનામાં શેઠ લલુભાઇ કરમચંદ દલાલના પ્રમુખ પણા નીચે તા. ૨૦-૨-૩૩ ના રોજ મળી હતી, જે વખતે ઓન સેક્રેટરી મી. નરોતમ બી. શાહે રીપોર્ટ રજુ કરતા જણાવ્યું કે રીપોર્ટવાળા વર્ષમાં એડવર્ડ થીએટરમાં મીસીસ સુલોચના બ્હેન મોદીના પ્રમુખપણા નીચે આરોગ્યતાને લગતી ફીલ્મ (૧) સરતને લગતી (૨) રકતપીતીઆને લગતી અને (૩) રાજતરંગની કોમીક ફીલ્મ બતાવવામાં આવી હતી. ત્યાર બાદ કોમીક હુલ્લડ વગેરેના કારણોને લીધે ઉપરોકત પ્રવૃતિ વધુ પ્રમાણમાં થઈ શકેલ ન હોવાથી કમીટીએ આરોગ્યતાને લગતું જ્ઞાન ફેલાવવા માટે પ્રયાસ ચાલુ રાખ્યો હતો અને જુદા જુદા વિદ્વાન ડોકટરને તેના અભિપ્રાય સાથે બાળપત્રીકા, અને આરોગ્ય પત્રીકાની લગભગ ૭૦૦૦ કોપીઓ જુદી જુદી જાતના રોગોના કારણો અને જરૂરીઆત દર્શાવનારી સૂચનાઓ ચિત્રો સહીત જૈન કોમમાં મુંબઇ શહેરમાં તેમજ બહાર ગામમાં મફત વેચવામાં આવી હતી આ ઉપરાંત અમદાવાદ અને વડોદરામાં ભરાયેલ બાળ સપ્તાહ વખતે આ પત્રીકાઓ છુટથી મફત વહેંચી હતી; આ યોજનાને અંગે બધી મળી ને રૂા. ૭૫૫-૦-૬ આવક થઇ હતી અને રૂા. ૬૯૨-૪-૬ સીનેમાની ફીલ્મ બનાવવાનો આરોગ્ય પત્રીકા છપાવવા એ અને તે નિમીતે થએલ પ્રચારકાર્યમાં ખર્ચ થએલ બાકી રૂા ૬૨-૧૨-૦ પુરાત બાકી રહેલ છે આવા કાર્યમાં જેજે સદગૃસ્થોએ મદદ આપી છે તેનો અંતઃકરણથી આભાર માનવામાં આવે છે અને અત્યાર સુધી જૈન સેનીટરી એસોસીએસન મારફત જે મદદ મળી છે તેથી ઉપર પ્રમાણે કાર્ય કરી શકયા છીએ, પરંતુ આ કાર્ય આટલેથી સમાપ્ત ન થઇ જાય તેટલા માટે અને કોમના જીવન મરણના સવાલને અંગે આવી જાતનું પ્રચારકાર્ય ચાલુ રહે તેટલાં માટે જૈન સેનીટરી એસોસીએશને રૂા ૮૫૦૦) ની રકમ જે બેંકમાં જમે છે તે જૈન કોમના તંદુરસ્તીના હીતાર્થે આવા કાર્યમાં ઉપયોગમાં આવે તે માટે જન સમુહને આરોગ્યતાના લાભો સમજાવવા માટે કોમના ડોકતરો અને વિદ્વાનો રસ લેતા થાય તે માટે પ્રયાસો કરવામાં આવે તેવું અંતઃકરણથી ઇચ્છી આ રીપોર્ટ જાહેર જૈન પ્રજાની જાણ માટે પ્રસિદ્ધ કરીએ છીએ ઉપર પ્રમાણે રીપોર્ટ સર્વાનુમતે પસાર કરી સભા વિસર્જન થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નોટ**—ઉપરની સંસ્થાની લાંબા વખત સુધી સેવા કરનાર **ભાઇ નરોતમદાસ બી. શાહ** ત્રીશ વર્ષ સરકારી (સીટીઇમ્પ્રુવમેન્ટટ્રસ્ટ મુંબઇની) નોકરીમાંથી રીટાયર થઇ હવે પછીની જીંદગી પ્રભુભક્તિ અને યત્કિંચિત કોમ સેવા કરવા માટે ગાળવા સ્વદેશ તરફ આવવાના છે, તેઓ આ સંસ્થાની નિસ્વાર્થ સેવા બજાવ્યા પછી હવે આ સંસ્થાનું ભવિષ્યમાં કાર્ય ચાલુ રહે તેવી ધગશ ધરાવતા હોવાથી તેઓ પોતાની પાછળ આ કાર્યમાં કોઇ સેવાભાવી તેમના જેવો બહાર આવે તેમ ઇચ્છે છે, મુંબઇમાં રહેતાં તેવા વિદ્વાન, શ્રીમાન કે સેવાભાવી કોઇ પણ જૈન બંધુ આ સંસ્થાનું કાર્ય મુંબઇમાં વસતા જૈન બંધુઓ માટે ઉપાડી લે તો તે આશીર્વાદ સમાન થઇ પડે તેમ છે. તૈયાર વ્યવસ્થીત અને તેના ઉપરોક્ત પ્રચાર કાર્ય માટે નાણાની પણ જોગવાઇ સામાન્ય રીતે આ સંસ્થા પાસે છે જેથી સેવાભાવી કોઇ પણ બંધુ આ કાર્ય ઉપાડી લે અને આ સમાજસેવાના કાર્યોમાં સેવાભાવે બહાર આવે તો આવા કાર્યો નભી રહે, પ્રગતિમાન થયા કરે જેથી આ સેવાનું કાર્ય પણ ચાલુ રહે તે માટે તેની કમીટીના સભ્યો અને સેક્રેટરી સાહેબો તેવો ઉત્સાહ ભવિષ્યમાં નિભાવી રાખશે અને નરોતમ ભાઇ બી શાહ જેવા સેવાભાવીને શોધી આ પ્રચારકાર્ય શરૂ રાખશે એમ ઇચ્છીએ છીએ.

(**સેક્રેટરીઓ.**)

## મુનિવિહાર.

મહાશુદિ ૧૦ના નવાડીસાથી મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસ શ્રી સંપતવિજયજી મહારાજ, શ્રી વસંતવિજયજી, શ્રી રમણીકવિજયજીએ વિહાર કર્યો છે અને રાજપુર જુનાડીસા, ગઢગામ, સહ્લા, કાતરાગામ થઇ મહેર પધાર્યા છે. આમ ગામમાં સંવત ૧૯૭૪માં આંજણાના ઘર પાસેથી જમીનમાં ખીલો ઘાલતાં કાળાપાષાણની પ્રાચીન ચોવીશી નિકળી છે, તેના ઉપર સંવત ૧૪૫૮ નો લેખ છે તથા પ્રતિમા એક શ્રી પાંર્શ્વનાથની સંવત, ૧૯૮૦માં લેવાકણબીના વાસમાંથી નિકલી છે અને ૧૯૮૮ માં સંપ્રતિ રાજાના વખતની બે પ્રતિમાઓ પાષાણની કણબીના વાસમાંથી નિકળી છે. અહિંથી મહારાજશ્રી જગરાલ પધાર્યા હતા ત્યાં શ્રી નેમિનાથજીની ઘણી પુરાણી શ્યામ મૂર્તિ જમીનમાંથી નીકળી છે.

જગરાલથી યાત્રા કરી જાખે પધારતાં ડીસાના સદ્‌ગૃહસ્થો તથા નવાગામ તથા ગઢગામ વિગેરેના શ્રાવકો વંદનાર્થે આવ્યા હતા. જગરાલના બારોટ પણ આવ્યા હતા તે સર્વેની ભક્તિ જાખાના શ્રાવકે કરી હતી. ત્યાંથી ફાગણ સુદિ ૧ના દિવસે મુનિરાજશ્રી **હંસવિજયજી** મહારાજ; તથા પંન્યાસજી શ્રી **સંપતવિજયજી** મહારાજાદિ ઠાણા ૪ વાગડોદમાં પ્રવેશ થયો ત્યાંના રહિશ શ્રાવકો સાથે શ્રી ચારૂપગામમાં પ્રવેશ કર્યો હતો તે પ્રસંગે પાટણના નગરશેઠ વિગેરે સદ્‌ગૃહસ્થોની હાજરી હતી. ત્યાં બે દિવસ પ્રભાવિક ઘણી પ્રાચીન પ્રતિમાના દર્શનનો લાભ લેતાં પાટણથી ઘણા શ્રાવક શ્રાવિકાઓએ અત્રે આવી દર્શનનો લાભ લીધો હતો.

## પાટણમાં મુનિપ્રવેશ —

મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી સંપતવિજયાદિ ઠાણા ૪નો પાટણમાં ફાગણ સુદિ ૫ ના દિવસે વાજીંત્રોના નાદ સાથે પ્રવેશ થતાં ઘણા મુનિવરો સન્મુખ આવ્યા હતા અને દર્શનાર્થે ઠેકાણે ઠેકાણે મનુષ્યોની મેદની મળી હતી. શ્રી પંચાસરા પાર્શ્વનાથનાં દર્શન કરી ઉપાશ્રયે આવતાં સૌભાગ્યવતી શ્રાવિકાઓએ રસ્તામાં કેટલીક જગોએ શ્રીફળ અને રૂપાનાણા સહીત ગહુંલીઓ કરી હતી. ઉપાશ્રયે આવી પ્રવર્તકશ્રી કાન્તિવિજયજી મહારાજને વંદન કરી મહારાજશ્રીએ ચતુર્વિધ સંઘને ધર્મદેશના આપી. દેશના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરમીયાન પ્રાચીન તીર્થ રામસેનનો પ્રાચીન અને અર્વાચીન સંક્ષિપ્ત ઇતિહાસ સંભળાવ્યો હતો તે સાંભળી શ્રોતાજનો સહર્ષ પેંડાની પ્રભાવના લઇ વિસર્જન થયા હતા.

# સ્વીકાર અને સમાલોચના.

## શ્રી પ્રમાણનય તત્ત્વાલોકઃ શ્રી વાદિદેવસુરિકૃત, રામ ગોપાળાચાર્યકૃત બાળબોધી ટીપ્પણી સંકલિત અને મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી સંશોધિત.

મૂળસૂત્ર અને ટીકા સહિત આઠ પરિચ્છેદમાં આ ગ્રંથ પ્રગટ થયેલ છે. આ ગ્રંથની પ્રસ્તાવના, મૂળ ગ્રંથ વિષયાનુક્રમ, પાઠાંતરો, અકારાદિ અનુક્રમે સૂત્રોની નોંધ વગેરે સંશોધિતકાર મહાત્માએ વિદ્વતાપૂર્વક આ ગ્રંથમાં આપી તેના અભ્યાસીઓ માટે સરલતા કરી આપી છે. આવા ગ્રંથો આ રીતે પ્રકટ થાય તે જૈન ન્યાય સાહિત્યમાં અભિવૃદ્ધિ છે. કિંમત ચૌદ આના પ્રગટ કર્તા દીપચંદજી બાંઠીયા. ઉજ્જન માળવા શ્રી વિજયધર્મસૂરિજી ગ્રંથમાળા–શ્રેઠી તારાચંદજી સાકળચંદજી તથા શ્રીમતી પુરી બ્હેને શેઠ લુમ્બાજી ઉમાજીના સ્મરણાર્થે દ્રવ્ય સહાય આપી ગ્રંથોદ્ધારનું ઉત્તમ કાર્ય કરેલ છે.

---

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા–સં. ૧૯૮૭ની સાલનો રીપોર્ટ તથા હિસાબ.

આધ્યાત્મિક (ધાર્મિક) માનસિક (સ્કુલ) અને શારીરિક (વ્યાયામ) શિક્ષણ–કેળવણી ત્રણે એક સાથે આપનારી અને ઉદ્યોગ–હુન્નરશાળાની પણ સાથે શરૂઆત કરનારી, ૬૫ ) વિદ્યાર્થીઓના પોષણ અને શિક્ષણ (વિદ્યાલય સ્કુલ વડે) આપનારી જાણવા પ્રમાણે આ એક જૈન સંસ્થા છે. અત્યારની કમીટીના હસ્તક સોળવર્ષથી ચાલતી (અને મૂળ એકવીશ વર્ષથી ચાલતી) આ સંસ્થા તેના હાલના ઉત્સાહી, સેવાભાવી, પ્રયત્નશીલ, ધર્મશ્રદ્ધાળુ કાર્યવાહકોના હસ્તમાં મુકાયા પછી વિદ્યાર્થિઓની વૃદ્ધિ, શિક્ષણ, આરોગ્ય, સંગીત, વ્યાયામ ધાર્મિક સંસ્કાર એ વિગેરેવડે દિવસાનુદિવસ વિદ્યાર્થીઓમાં તે પ્રગતિ કરી રહેલ છે તે તેના અત્યાર સુધીના પ્રગટ કરેલા દરેક રિપોર્ટો વાંચતા માલમ પડે તેવું છે આ રિપોર્ટમાં નાનીમોટી દરેક હકીકત (કાર્યક્રમનો વિસ્તાર) પ્રમાણિકપણે પ્રયાસપૂર્વક આપવામાં આવ્યો છે, જેથી કોઇ તેવી કે ઓછાવધતા કામ કરનારી સંસ્થાને આ સંસ્થાની કાર્ય કે રીપોર્ટ સંકળના સહાય ભૂત–અનુકરણીય થઇ પડે તેવું છે આવું સુંદર કાર્ય કરનારી સંસ્થાને છેવટે ખર્ચના પ્રમાણમાં આવક ઓછી થાય કે ટોટો પડે છે તેને માટે જૈન સમાજે કે કોઇ પણ જૈન બંધુઓએ ઉદારતાથી આર્થિક સહાય કરવાની જરૂર છે. કારણ કે વિશેષ આર્થિક સહાય મળતાં તેના કાર્યવાહકો દરેક કાર્યોની વિશેષ પ્રગતિ કરી શકે તેવું છે તેમ તેમના આટલા વર્ષોના વહીવટથી ખાત્રી થાય છે, જેથી આ સંસ્થાને દરેક પ્રકારની સહાય દરેક જૈન બંધુઓએ પ્રથમ દરજ્જે વિશેષ આપવાની જરૂર છે. ધાર્મિક પ્રવૃતિ તો એટલી સુંદર કહેવાય છે (જણાય છે) કે વીઝીટ કરનાર જૈનધર્મી કોઇ પણ બંધુ, કોઇ પણ મુનિરાજ સંતોષ જાહેર કર્યા વગર રહેતા નથી જેથી દરેક જૈન બંધુઓએ આ રીપોર્ટ ખાસ મંગાવી, વાંચી વિચારી, સંસ્થાની મુલાકાત લઇ તેના ખર્ચમાં પડતા ટોટાને બચાવી લેવા અને વધારે સુંદર પ્રગતિ થવા પોતાનો ઉદાર હાથ લંબાવવા આ સંસ્થાને ખાસ પહેલી તકે જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીપાળમહારાજનો રાસ.

શ્રી નવપદજી મહારાજનો મહિમા અપૂર્વ છે, કોઇ પણ જૈન તે માટે અજાણ્યુ નથી. ચૈત્ર માસ અને આસો માસમાં આવતા ઓળી–આયંબીલ તપ કરી શ્રી નવપદજીમહારાજની આરાધના કરાય છે. એ અઠ્ઠાઇના દિવસોમાં શ્રી નવપદજી મહારાજનું અપૂર્વ મહાત્મ્ય જેમાં આવેલ છે તેવા શ્રીપાળ મહારાજનું અદ્દભુત ચરિત્ર તેનો રાસ જે વંચાય છે, તે મૂળ તથા તેનું સરલ ગુજરાતી ભાષાંતર સર્વ કોઇ સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પાના ૪૬૦ પાકું કપડાનું બાઇડીંગ સુંદર ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ છે, ચૈત્ર શુદ ૧૫ પૂર્ણીમા સુધીમાં લેનારને બે રૂપીઆ ( પોસ્ટેજ જુદું ) ની કિંમતે આપવામાં આવશે.

## શ્રી નવપદજીની પૂજા. ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત. )

પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણીત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. એવા હેતુથીજ **શ્રીમદ્દ યશોવિજયજી મહારાજકૃત નવપદજીની** પૂજા અમોએ તેના ભાવાર્થ, વિશેષાર્થ અને નોટ સાથે તૈયાર કરી પ્રગટ કરેલ છે. સાથે શ્રી નવપદજીનું મંડલ તે તે પદોના વર્ણ–રંગ અને તેની સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી શાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનોહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેના સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે **શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજ** અને **શ્રીમાન્ આત્મારામજી મહારાજકૃત નવપદજી પૂજાઓ** પણ દાખલ કરેલ છે. ઉંચા એન્ટીક પેપર ઉપર ગુજરાતી સુંદર જુદા જુદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. આ ગ્રંથનું નામ જ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગિતા અને આરાધના માટે તો કહેવુંજ શું ? **શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એકઉત્તમ કૃતિ છે.** અને તેમાં ગુરૂમહારાજની છબી, નવપદજી મહારાજનું મંડલ ને યંત્ર આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનારને તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી.

**કિંમત રૂા ૧–૪–૦ પોસ્ટેજ જુદું.**

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૦ મું. વીર સં. ૨૪૫૯. ફાલ્ગુન. આત્મ સં. ૩૭. અંક ૮ મો.

## નેતૃત્વની સફળતા.

"જે સાચો નેતા છે, જે નેતાપદ અને નેતૃત્વની મીમાંસા કરી શકે છે, તેને તો પોતાનું નેતાપદ જનસમુદાયની પતિતદશાના સૂચનરૂપ જ લાગે. તેને પોતાને જ પોતાનું નેતાપદ સાલે. સાચો નેતા જનસમુદાયને જાગ્રત કરી, ખરી રીતે તો, પોતાનું નેતાપદ મીટાવવા જ પ્રયત્ન કરે છે. જેટલે અંશે પોતાના નેતૃત્વની પ્રજાને ઓછી જરૂર પડે તેટલે અંશે જ નેતાના નેતૃત્વની સફળતા. નેતા જનસમુદાયને એટલો જાગ્રત કરે કે પોતાનું નેતાપદ નષ્ટ પામે, અને પોતે નેતા મટી જનસમુદાયમાંનો એક સામાન્ય માણસ બને, ત્યારે જ નેતાના નેતૃત્વની સર્વાંશે સફળતા કહેવાય. જે પોતાનું નેતાપદ ટકાવી રાખવા પ્રયત્ન કરે તે સાચો નેતા નથી; પણ જે પોતાના નેતાપદ જોડે લડે, તેને મીટાવે, તેજ સાચો આગેવાન છે."

શ્રી પ્રભાકર બિહારીલાલ.

For Private And Personal Use Only